Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૦ મું. સંવત ૧૯૯૯

卐 卐

અંક ૧૨ મો. જુલાઈ આષાઢ

પ્રકાશક—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી સામાન્ય જિનસ્તવન . | ૨૫૭ | ૭. શ્રી સિદ્ધસ્તોત્ર . . . | ૨૬૭ |
| ૨. **"छे चार दिननी चांदनी".** | ૨૫૮ | ૮. **अनंतधर्मात्मकम् वस्तु ।** . | ૨૬૯ |
| ૩. સત્યાસત્ય વિવેક . . | ૨૫૯ | ૯. અહિંસાની અદ્ભુત શક્તિ: રાજપુત્ર પણ કેદી . . | ૨૭૦ |
| ૪. પૂજ્ય ગુરુદેવને ! . . | ૨૬૪ | ૧૦. અમર આત્મમંથન . . | ૨૭૩ |
| ૫. પરમાર્થસૂચક વાક્યસંગ્રહ . | ૨૬૫ | ૧૧. વર્તમાન સમાચાર . . | ૨૭૪ |
| ૬. સ્વસ્થ-અસ્વસ્થતાનું સુખ . | ૨૬૬ | | |


## નવા થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧. શેઠ હરગોવિંદદાસ રામજીભાઈ | ભાવનગર | લાઈફ મેમ્બર |
| ૨. શેઠ હિંમતલાલ નથુભાઈ | ,, | ,, |
| ૩. પારેખ શામળજી ભાણજી | વરસડા | વાર્ષિક મેમ્બર |
| ૪. શાહ રમણીકલાલ કાળીદાસ | પાલણપુર | ,, |

## ભેટના ગ્રંથો.

અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને નીચે લખેલા ગ્રંથો ભેટ આપવાના છે.

**૧. શ્રી આદિનાથ ચરિત્ર**
**૨. શ્રી ધર્મવીર ઉપાધ્યાય**
**૩. શ્રી જ્ઞાનપ્રદીપ**
**૪. શ્રી સકલાર્હત્ સ્તોત્ર** ટીકા સહિત
**૫. શ્રી આગમસારિણી**
**૬. શ્રી સિદ્ધાંતરહસ્ય**

ઉપરોક્ત ભેટ આપવાના છ સુંદર ગ્રંથોની સંક્ષિપ્ત હકીકત નીચે પ્રમાણે છે.

**૧. શ્રી આદિનાથ ચરિત્ર**—ફોર્મ પચાસ, ક્રાઉન આઠ પેજી, ચારસો પાનાનો સુંદર દળદાર ગ્રંથ. એન્ટિક પેપર ઉપર સુંદર ગુજરાતી અક્ષરો, પાકું કપડાનું બાઈન્ડીંગ, સુશોભિત રંગબેરંગી કવર-જૅકેટ, ગુરુદેવ, તીર્થો, પ્રભુ આદિનાથ તેમજ આર્થિક સહાય આપનાર વગેરેની વિવિધ રંગી છબીઓ સહિત.

**૨. ધર્મવીર ઉપાધ્યાય**—શ્રી સોહનવિજયજી-બ્રહ્મચારી, સંજમધારી, પંજાબી વીરપુરુષ, યોગીનું સુંદર ભાવવાહી જીવન વાંચતાં રોમાંચ ખડા થાય તેવું સુંદર ચરિત્ર, છબીઓ સહિત આકર્ષક સુંદર ગ્રંથ. બાર ફોર્મ, સુમારે ૨૦૦ પાનાનો, સુંદર ટાઇપો અને ઊંચા એન્ટિક કાગળ ઉપર છપાયેલ છે.

**૩. જ્ઞાનપ્રદીપ** (બોધસુધા સહિત)—વિદ્વાન લેખક આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજીના સામાજિક બોધદાયક લેખો, ઊંચા કાગળ, સુંદર ટાઇપ અને પાકું બાઈન્ડીંગ, સુંદર કવર સાથે ફોર્મ ૨૬, પાના ૪૧૬.

(અનુસંધાન ટાઇટલ પેજ ૩ જું)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૪૦ મું : આત્મ સં. ૪૮ વિક્રમ સં. ૧૯૯૯ : અષાઢ :
અંક : ૧૨ મો : વીર સં. ૨૪૬૯ ઇ. સ. ૧૯૪૩ : જુલાઈ :

## શ્રી સામાન્ય જિનસ્તવન

( રાગ–અમારા મનમંદિર કહેવાતા, અમે દેવપૂજન ચહાતાં. )

અમારા મનપંકજ વિકસાતા,
અરિહંત દર્શન થાતા;
અનાથ નાથજી ! હૈડે ધરીએ, અંતર ધરી ઉલ્લાસો,
સાચા દેવ ! જીવનત્રાતા ! અમારા૦ ૧

જીવનના આધાર જિનજી ! દાસ ઉગારો,
કર્મોની જુલમી જંજીરમાં, પ્રાણુ બહુ મુંઝાતા. અમારા૦ ૨

દીનાનાથ ! ઉદ્ધાર તમારી, આશ અંતરમાં,
ભક્તિથી અંતર્યામી ભજશું, રંગે ગીતો ગાતા. અમારા૦ ૩

કરો દયા પ્રતિપાળ હે કૃપાળ ! ઉદારતાથી,
**નેમિ-લાવણ્ય-દક્ષ** ઉદ્ધારક, નાથ નમું હરખાતાં. અમારા૦ ૪

—મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " छे चार दिननी चांदनी "

( હરિગીત છંદ )

ખીલ્યું કમળ, સુપ્રભાતમાં, સાંજે જરૂર કરમાય તે,
જન્મ્યું શિશુ, યૌવન થયું, વૃદ્ધત્વમાં લય થાય તે;
ઊગ્યો રવિ, મધ્યાહ્ન તપીયો, અસ્ત છેવટમાં બની,
રે ચેત નર! દૃષ્ટાંતથી છે, **चार दिननी चांदनी.** ૧

આષાઢ માસે મેહની ધારા, ધરાપર થાય છે,
તે સમયમાં વળી વિજળીનું, નૃત્ય-તાંડવ થાય છે;
ક્ષણમાં બધું નભ સ્વચ્છ, એ અકળિત કળા કિરતારની,
સમજુ જનો સમજી જશો, આ **चटक छे दिन चारनी.** ૨

રવિનો ઉદય અવનિ વિષે, અવિચ્છિન્ન કૈં રહેતો નથી,
સરિતા વિષે જળનો પ્રવાહ, અખંડ કૈં વહેતો નથી;
જ્યાં વિજયકેરો વાવટો, ત્યાં હરકતો હોય હારની,
ઓ ચતુર જન! ચેતો બધી છે, **चटक आ दिन चारनी.** ૩

પામર બને છે પલકમાં, અગણિત જનોનો અધિપતિ,
નિર્ધન બને ધનવાન, ધનવંતો તણી નિર્ધન સ્થિતિ;
સંધ્યા સમયના રંગ સમ, જીવનગતિ ઉર ધારી લે,
**आ चार दिननी चांदनीमां,** " આત્મતત્ત્વ " વિચારી લે. ૪

વર્ષા, શરદ ને શિત, એમ જ ઉષ્ણ ઋતુ આવ્યા કરે,
કુદરત તણા કાનૂનથી, રુપ-યૌવનો સૌના ફરે;
ક્યારે થશે, ક્યારે જશે, માનવમતિ ત્યાં સ્તબ્ધ છે,
જીત્યો જગતમાં એ જ, "આત્મિક તત્ત્વ" જેને લબ્ધ છે. ૫

વિદ્યુત્ તણા ચમકારવત્, આ વિશ્વનો વ્યવહાર છે,
નિજ **આત્મ**ને જાણ્યા વિના, આ શૂન્યસમ સંસાર છે;
આયુષ્ય ફોગટ વહી ગયું, વહી જાય છે શી વાર છે?
**छे चटक आ दिन चारनी,** સમજ્યા વિના ધિક્કાર છે! ૭

મારા વિવેકી વાચકો! આ સાર સૌ સમજી જશો,
ને " આત્મતત્ત્વ " વિચારશો, તો મોક્ષમાર્ગ જ પામશો;
અન્યોક્તિઓ ઉરમાં ધરો, સાચા દિલે ગ્રાહક બની,
છેવટ કહું સંસાર આ છે, **चार दिननी चांदनी.** ૭

તા. ૨૦-૬-૪૩

કવિ રેવાશંકર વાલજી બધેકા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્યાસત્ય વિવેક

લેખક: આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

સંસારમાં માનવીને દેહ ઉપરથી મમત્વભાવ ઓછો કરીને દસ પંદર દિવસ આહારનો ત્યાગ કરવો જેટલો મુશ્કેલ છે તેનાથી પણ હજાર ગણી મુશ્કેલી સત્ય બોલવામાં નડે છે. જ્યાંસુધી માનવીમાં માન તથા સ્પૃહા રહેલાં હોય છે ત્યાં સુધી તે સત્ય બોલી શકતો નથી. પ્રથમ તો સત્યનું સાચું સ્વરૂપ જાણવું ઘણું જ કઠણ છે, અને વસ્તુને સાચી રીતે જાણ્યા વગર સાચું બોલી શકાતું નથી. અજ્ઞાની જીવ જગતને પોતાની બુદ્ધિ પ્રમાણે સમજીને સત્ય બોલવાનો દાવો કરે છે, પણ તે બધુંયે વ્યર્થ છે; કારણ કે સત્ય બોલનારે પ્રથમ તો સંસારમાં સત્ તથા અસત્નું સ્વરૂપ સારી રીતે જાણવું જોઈએ. સંસારમાં એક આત્મા જ સત્ છે, બાકીનું બધુંયે અસત્ છે. આત્મા સિવાયનું જડ જગત ક્ષણવિનશ્વર છે અને આત્મા ત્રણે કાળમાં એક સ્વરૂપે વિદ્યમાન રહેવાવાળો હોવાથી સત્ છે; માટે આત્માને ચૈતન્યસ્વરૂપ જાણી સમજીને અને જડને સડણપડણ સ્વભાવવાળું જાણીને બોલવાથી સત્ય બોલી શકાય છે.

સ્વાર્થી તથા સ્પૃહાવાળો માણસ સાચું બોલી શકતો નથી; કારણ કે સંસારમાં સ્વાર્થ તથા સ્પૃહા જડ વસ્તુને આશ્રયીને થાય છે. જ્યાં સુધી માનવી એમ સમજતો હોય કે જડ જગતની ઉપાસનાથી આત્માને શાંતિ તથા સુખ મળી શકે છે ત્યાં સુધી તે સાચું જાણે છે એમ કહી શકાય નહિ. અને સાચું જાણ્યા વગર સાચું બોલી શકાય જ કેમ? મિથ્યા બોલવાનું કારણ જ મિથ્યા જ્ઞાન છે. જેને સ્વાર્થ અને સ્પૃહા કહેવામાં આવે છે તે મિથ્યા જ્ઞાનીઓમાં જ મળી આવે છે, સમ્યગ્ જ્ઞાનીઓમાં હોતાં નથી. મિથ્યા જ્ઞાન જડાસક્તિનું કારણ છે. જડાસક્તિ તે અજ્ઞાનતાનું લક્ષણ છે. આવો એક અણજાણ માણસ સાચું કેવી રીતે બોલી શકે? સમ્યગ્જ્ઞાન વગર કેવળ આંખથી જોઈને કે કાનથી સાંભળીને જે સાચું બોલવાનો દાવો કરે છે તે ભૂલે છે. જેમકે: ઉનાળાના દિવસોમાં રેતાળ પ્રદેશમાં જે મૃગતૃષ્ણા દેખાય છે અર્થાત્ પાણી ભર્યું હોય તેવો પ્રદેશ દેખાય છે, જેને જોનાર જળાશય કહે છે પણ તે જળાશય હોતું નથી; માટે તેનું બોલવું સાચું નથી; કારણ કે તેનું જાણવું સાચું નથી. જેણે ધતૂરો પીધો હોય તે બધી વસ્તુઓ પીળી જોવાનો અને કહેવાનો, તેવી રીતે મોહનીયના નશાવાળો પણ બધી યે વસ્તુને વિપરીત જ જાણવાનો અને બોલવાનો. જેવું જોયું હોય તેવું કહેનાર મિથ્યા જ્ઞાની જીવ અજ્ઞાની જનતામાં ભલે સત્યવક્તા કહેવાય પણ જ્ઞાનીપુરુષોની દૃષ્ટિમાં તો તે મિથ્યાભાષી જ કહી શકાય છે; કારણ કે વિપરીત બોધવાળાનો પ્રયાસ વિપરીત હોવાથી તેનું પરિણામ વિપરીત આવે છે. જેનું પરિણામ વિપરીત આવે તે સાચું કેવી રીતે કહી શકાય? જગતે માની રાખેલ સાચું બોલવાથી જગતનો વ્યવહાર જાળવી શકાય ખરો, પણ વાસ્તવિકમાં પરમાર્થ દૃષ્ટિથી સાચું ન હોવાથી આત્મવિકાસમાં બાધકર્ત્તા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ પડે છે. પુદ્ગલાનંદી–અજ્ઞાની જગતમાં સત્ય-વક્તાનું બિરુદ ધારણ કરનાર, વિકાસની વાટે વળેલા આત્માનંદી પુરુષોમાં પ્રમાણિકપણું મેળવી શકતો નથી; કારણ કે અજ્ઞાની અને જ્ઞાનીનો માર્ગ જુદો હોવાથી જે અજ્ઞાનીને ગમે તે જ્ઞાનીને ન ગમે. અજ્ઞાની દેહને આત્મા કહે ત્યારે જ્ઞાની દેહથી જુદો ચેતનવાળાને આત્મા કહે. આમ બેઉનો મતભેદ પડે એટલે અજ્ઞાનીની સાથે જ્ઞાની ન ભળે. બેઉનું જાણવું, માનવું અને બોલવું જુદું જ હોય છે. વસ્તુથી અણજાણ જીવો અજ્ઞાનીના બોલવાને સાચું માને ત્યારે વસ્તુને ઓળખનારા જ્ઞાની કહે છે તે સાચું છે એમ માને. તત્ત્વદૃષ્ટિથી જોતાં જ્ઞાનીઓનું કહેવું સાચું કહી શકાય કે જેને તાત્ત્વિક સત્ય કહેવામાં આવે છે જેનું બીજું નામ લોકોત્તર સત્ય છે. આવું સાચું તો ઉચ્ચ કોટિના મહાપુરુષો બોલી શકે છે. સંસારમાં જેવું જણાય તેવું બોલનારને જે સત્યવક્તા કહેવામાં આવે છે તે લૌકિક સત્યને અનુસરીને છે. આવું સાચું બોલનારાઓ પણ ઘણા જ થોડા હોય છે.

ક્રોધી, લોભી, ભયભીત અને મશ્કરી કરનાર સાચું બોલી શકતા નથી. ક્રોધી માણસને ક્રોધ આવે છે ત્યારે ભાન ભૂલીને જૂઠું બોલે છે. સામેના માણસને દુ:ખી કરવા અછતા દોષો બોલે છે. લોભી માણસ પણ મળેલી વસ્તુ સાચવવા અને નહિ મળેલી વસ્તુ મેળવવા સાચું બોલતો નથી. ભયભીત થયેલો માણસ ભયમાંથી છૂટી જવા જૂઠું બોલે છે. મશ્કરી કરનારાઓ જૂઠું બોલ્યા વગર મશ્કરી કરી શકતા નથી. આ ચાર કારણોને લઇને માણસો લૌકિક સત્ય પણ બોલતાં અચકાય છે.

માન તથા સ્વાર્થ સત્યના પૂર્ણ વિરોધી છે. બીજાની પાસેથી માન મેળવવાની લાલસા-વાળા અસત્યનો ઉપયોગ કરે છે. કેવળ બોલવામાં જ સત્યનો ઉપયોગ થઇ શકતો નથી, પણ વિચારવામાં અને વર્તવામાં પણ સત્યનો ઉપયોગ થઇ શકે છે. સાચું બોલવું, સાચું વિચારવું અને સાચું વર્તવું; આ પ્રમાણે મન, વચન અને કાયાના વ્યાપારો સાચાયે હોય છે અને જૂઠાયે હોય છે. સાચું કે જૂઠું બોલાય તેને તો મોટો ભાગ સારી રીતે સમજી શકે છે; પણ સાચુ વિચારવું અને સાચું વર્તવું તેને તો સમજુ માણસો જ સમજી શકે છે. સાચું વર્તવું એટલે પોતે જેવી સ્થિતિના હોય તેવી રીતે બહાર દેખાવું. કંગાલ હોવા છતાં શ્રીમંતાઈનો ઠાઠ રાખવો, મૂર્ખ હોવા છતાં વિદ્વાનનો ડોળ કરવો અર્થાત્ પોતાની પાસે જે વસ્તુ ન હોય તે દેખાડવાનો ડોળ કરવો તે એક પ્રકારનું જૂઠું વર્તન કહેવાય છે, કે જેને માની, પ્રશંસાપ્રિય માણસો ચાહે છે અને હમેશાં રાખે છે.

બધા ય સ્વાર્થ કરતાં માણસને વખણાવવાનો સ્વાર્થ ઘણો હોય છે, માટે તેને બીજાની પાસેથી પોતાનાં વખાણ કરાવવા જૂઠું બોલવાની અને જૂઠું વર્તવાની બહુ જ જરૂર રહે છે. માણસોને મનગમતા પણ તેમનાથી નહિ બની શકે તેવા કામોને મેં ઘણી સહેલાઈથી અને ઘણી વખત કરી નાખ્યા–એવું કહીને હોશિયારી બતાવે છે અને તેવા કામો કરનારનો ખોટો ડોળ કરે છે; જેથી માણસો તેના વખાણ કરે છે, જેને સાંભળીને પોતે રાજી થાય છે. થોડું ભણ્યા હોય અથવા બિલકુલ ન ભણ્યા હોય, થોડું ધન હોય, થોડું બળ હોય વગેરે વગેરે વસ્તુઓ થોડી હોવા છતાં પણ વિશેષ પ્રમાણમાં હોવાનું જણાવવાને જૂઠું બોલે છે અને જૂઠું વર્તન કરી દેખાડે છે. જેને લઇને બીજાઓ તેના વખાણ કરે છે કે જે સાંભળીને તે ફુલાય છે, પણ તે વખાણ તથા રાજી થવું બન્ને જૂઠાં છે; કારણ કે માણસ જેનાં વખાણ કરે છે તે તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે નથી એટલે વખાણવું એ પણ જૂઠું છે અને રાજી થવું એ પણ જૂઠું છે. આવી રીતે જૂઠું બોલનાર તથા જૂઠું વર્તનારના વિચારો ક્યાંથી સાચા હોઈ શકે? બોલવું અને વર્તવું સાચું ત્યારે જ કહી શકાય કે જ્યારે વિચારો સાચા હોય; કારણ કે સાચા વિચાર વગર સાચું બોલી શકાય નહિ. જેમ જૂઠા વિચારથી સાચા વર્તનનો ડોળ કરી શકાય છે તેવી રીતે જૂઠા વિચારથી સાચું બોલવાનો ડોળ કરી શકાતો નથી. સંસારમાં બોલ્યા પ્રમાણે વર્તનારને સત્યવક્તા કહે છે, પણ વિચાર સાચા છે કે જૂઠા તે તરફ ધ્યાન અપાતું નથી. સ્થૂલ બુદ્ધિવાળા વર્તનને અનુસરીને બોલવામાં જ સાચાજૂઠાનું માપ કાઢે છે, પણ વિચારનું માપ કાઢી શકતા નથી. જેવી રીતે વચનનો અને કાયાનો વ્યાપાર પ્રત્યક્ષ થઈ શકે છે તેવી રીતે મનનો વ્યાપાર પ્રત્યક્ષ થઈ શકતો નથી, પણ બોલવા પ્રમાણે વર્તવાથી સાચા વિચારનું અનુમાન કરી શકાય છે. જો બોલવા પ્રમાણે ન વર્તે તો તેના વિચારો જૂઠા છે એમ અનુમાન કરી શકે છે. સાચા વિચારોથી કદાચ સાચું ન વર્તી શકાય પણ સાચું તો બોલી શકાય છે. સાચું અથવા તો જૂઠું બોલવાનો કે વર્તવાનો આધાર વિચારો ઉપર રાખી શકાય છે. જે બોલવામાં કે વર્તવામાં વિચારો ભળે તે સાચું અને ન ભળે તે જૂઠું.

જેને માયા કહેવામાં આવે છે તે પણ આ અસત્યનું જ રૂપાંતર છે અર્થાત્ મનમાં કાંઈ બીજું અને બોલવામાં તથા વર્તવામાં કાંઇ બીજું. તે જ માયા છે કે જેને અસત્ય કહેવામાં આવે છે. માયા વગર અસત્ય બોલી શકાતું નથી અથવા વર્તી શકાતું નથી. બોલવા પ્રમાણે વર્તવા ઉપરથી તેના સાચા વિચારોનું અનુમાન કરીને આ સાચું બોલે છે એમ કહેવામાં આવે છે ખરું, પણ બહારથી પરમાર્થ દષ્ટિ દેખાડીને જો સ્વાર્થ પોષવામાં આવતો હોય તો તે વિચારો બોલવા તથા વર્તવામાં ન ભળવાથી જૂઠા છે અને એટલા માટે તેનું બોલવું તથા વર્તવું પણ જૂઠું છે. વર્તનને અનુસરીને વિચારમાં સાચાજૂઠાપણું કહી શકાય, પણ વિચારને અનુસરીને વર્તનમાં સાચાજૂઠાપણું કહી શકાતું નથી; એટલે કે વિચાર પ્રમાણે વર્તવું તે સાચું અને વિચારથી વિપરીત વર્તવું તે જૂઠું. કોઇ વસ્તુ મેળવવાના સ્વાર્થગર્ભિત વિચારો હોય અને તે જ પ્રમાણે વર્તનમાં પણ સ્વાર્થ તરી આવતો હોય તો તે સાચું કહેવાય. એવી રીતે કોઈ પણ ખરાબ કાર્ય કરવાના વિચારો હોય અને વર્તનમાં પણ ખરાબ કાર્યની છાયા પડતી હોય તો તે સાચું કહી શકાય. વિચારમાં સ્વાર્થ હોય અને વર્તનમાં પરમાર્થનો ડોળ કરવામાં આવતો હોય તો તેને જૂઠું કહેવામાં આવે છે. આવું વર્તન કરનાર માયાવી પણ કહેવાય છે. બોલવામાં તો વિચાર પ્રમાણે બોલી પણ શકાય છે; કારણ કે બોલતાં પહેલાં બીજાને સંભળાવવાને માટે વિચારમાં બધું ગોઠવીને જ બોલે છે. વિચારમાં ગોઠવ્યા વગર કાંઇ પણ બોલી શકાતું નથી. જૂઠું બોલવાને માટે પણ જૂઠા વિચારો કરવા પડે છે, અને એટલા માટે જ વિચાર પ્રમાણે બોલવાનું કહેવાય છે. વિચારથી ભિન્ન બોલી શકાતું નથી છતાં તેમાં સાચાજૂઠાનું અંતર વર્તન જ પાડે છે. વિચાર પ્રમાણે બોલવામાં માયા પણ હોતી નથી, તો પણ બોલ્યા પ્રમાણે ન વર્તવાથી જૂઠું કહેવાય છે. વિચાર પ્રમાણે બોલીને પોતાનું વર્તન પણ તેવું હોય તો તે પણ સાચું કહેવાય છે. તાત્પર્ય કે મન, વચન અને કાયાના વ્યાપારની એકતાનું નામ સત્ય છે. એ ત્રણેમાંથી એકનું પણ વિપરીતપણું હોય તો તે જૂઠું કહેવાય છે.

તત્ત્વને જાણનારા મહાપુરુષો પણ વિચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે બોલવાનું કહે છે. તેમનું માનવું છે કે જ્યારે માણસ કોઈ પણ પ્રકારના વિચારો કરે છે ત્યારે અંતરજલ્પ થાય છે અર્થાત્ જ્યારે માનવી એવો વિચાર કરે કે મારે પ્રભુભક્તિ કરવી છે ત્યારે આ બધા યે અક્ષરોનો તેના ઘટમાં ઉચ્ચાર થાય છે. આ ઉચ્ચારને બીજો માણસ સાંભળી શકતો નથી, તો પણ પોતે તો સાંભળી શકે છે. આવી રીતે વિચાર પ્રમાણે વર્તવાનો નિયમ નથી. વિચારથી જુદું પણ વર્તી શકાય છે, તેવી રીતે બોલી શકાતું નથી. કોઈ માણસ આગળ કોઇ બીજી વ્યક્તિ વિષય સેવવાની વાત કરે તો તે વચનથી તિરસ્કાર કરીને વર્તનમાં ગ્લાનિ દેખાડે છે, છતાં તેના વિચારો તો વિષય સેવવાના હોય છે; એટલે બીજી વ્યક્તિની પરોક્ષમાં વિચારના અનુસાર જ વર્તે અને પોતાના અંગત માણસ આગળ વચનથી વિષયની પુષ્ટિ કરે તો બીજા માણસ આગળ બતાવેલાં વચન અને વર્તન બન્ને જૂઠાં છે, પણ પરોક્ષમાં તો વિચાર પ્રમાણે વર્તવાથી અને બોલવાથી સાચાં છે; કારણ કે સાચાજૂઠાનું સ્વરૂપ બારીકાઇથી તપાસી યે તો બીજી વ્યક્તિના જાણવા પ્રમાણે તેની રૂબરૂમાં કે તેની પૂંઠ પાછળ એકસરખી રીતે વર્તવું અને બોલવું તે સાચું, અને તેની પરોક્ષમાં વિપરીત વર્તવું અને બોલવું તે જૂઠું.

જે માણસો માન–પ્રતિષ્ઠાને ચાહે છે તેઓ ભાગ્યે જ સાચું બોલી શકે છે અને વર્તી શકે છે; કારણ કે જે વસ્તુનું માન મેળવવું છે તે વસ્તુ તેનામાં હોતી નથી માટે જ તેને બીજા પાસે જૂઠું બોલી આડંબર કરવો પડે છે. જેઓ બીજાની પાસે જૂઠું માન મેળવવાની લાલસાવાળા હોય છે તેઓની મનોદશા બહુ જ દીન અને કંગાલ હોય છે; કારણ કે તેમને બીજાની અત્યંત ખુશામત કરવી પડે છે. માની માણસને પોતાનું બોલેલું જૂઠું જણાય તો ય તેને સાબિત કરવાને બીજાં ઘણાં જૂઠાં બોલવા પડે છે. જૂઠું સાચાથી સાબિત થઇ શકતું નથી, પણ તે જૂઠાથી જ સાબિત થઇ શકે છે. જૂઠો માણસ જ કદાગ્રહનો આશ્રિત થઇ શકે છે. પણ સાચો થઇ શકતો નથી. માની માણસો અવશ્ય કદાગ્રહી હોય છે. જેઓ બુદ્ધિમત્તા અને વિદ્વત્તાનું અભિમાન ધરાવે છે તેમના અંદર અસહિષ્ણુતા હોવાથી કોઇ માણસ સાચી રીતે વસ્તુનું વર્ણન કરતો હોય તો તેને જૂઠું ઠરાવવા પોતે જૂઠાનો ઉપયોગ સારી રીતે કરે છે.

સરળતા વગર સાચું બોલી શકાય નહિ, અને તે સરળતા કહેવાતા વિદ્વાનો અને બુદ્ધિશાળીઓમાં ભાગ્યે જ નજરે આવે છે; કારણ કે તેમને પોતાની પ્રશંસા બહુ ગમે છે અને પ્રશંસાપ્રિય માણસ સરળ હોતા નથી. જૂઠું બોલ્યા વગર પોતાના મોઢે પોતાની પ્રશંસા થઇ શકે નહિ. કદાચ પ્રશંસા કરવામાં કંઇક સાચું હોય તો પણ જૂઠું મિશ્રણ થયા વગર રહેતું નથી. જો કે પરિણામ સાચું ન આવતું હોય તો પણ કહેવાતો વિદ્વાન અને બુદ્ધિશાળી માનહાનિના ભયથી અણજાણ બાબતોમાં જૂઠી રીતે માથું મારે છે. તેમની કોઇ સલાહ લે અથવા કાંઇ પ્રશ્ન પૂછે તો બુદ્ધિમત્તા અને વિદ્વત્તામાં ઊણપ ન આવવા દેવા માટે જૂઠાનો ઉપયોગ કરે છે.

સંસારમાં વિશ્વાસઘાતી મહાપાપી કહેવાય છે. સાચું બોલતાં શીખ્યા વગર વિશ્વાસઘાતના મહાપાપથી બચી શકાતું નથી. ઘણાખરા માણસો કહેવાતા બુદ્ધિશાળીઓ, વિદ્વાનો અને જ્ઞાનીઓ ઉપર વિશ્વાસ રાખનારા હોય છે. તેમની પાસેથી માન મેળવવાને અને ક્ષુદ્રવાસનાને પોષવાને જૂઠું બોલીને અને વર્તીને વિશ્વાસઘાત કરે છે. ઠગાઇ કરનારાઓ જૂઠું બોલવામાં બહુ હોશિયાર હોય છે. આ ઠગાઇ પણ વિશ્વાસઘાતનું રૂપાંતર છે; કારણ કે વિશ્વાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખ્યા વગર ઠગી શકાતું નથી. બીજો માણસ વિશ્વાસ રાખે તો જ તેને ઠગી શકાય છે.

માણસ પ્રમાણિકપણાને ચાહે છે; પરંતુ સાચું બોલવાની દરિદ્રતા દૂર કરવાને પ્રયાસ કરતા નથી અને તેથી કરીને જૂઠાણાંનો આશ્રિત, ઠગ અને વિશ્વાસઘાતી પ્રમાણિકપણું મેળવી શકતો નથી. અણજાણ દુનિયા ભલે પ્રમાણિક માને પણ જાણ માણસોમાં તો અપ્રમાણિકપણાનું ફળ મેળવે છે. જૂઠું બોલનાર અને વર્તનારને ઓળખવા છતાં અપ્રમાણિક માણસો અંગત સ્વાર્થને લઇને પ્રમાણિકપણાનું માન આપે છે, તેથી કાંઇ તે પ્રમાણિક બની શકતો નથી, અને અપ્રમાણિક માણસો પાસેથી પ્રમાણિકપણાનું માન મેળવી રાજી થવું તે એક મૂર્ખતા છે.

સાચું બોલવા માત્રથી કાંઇ આત્મવિકાસ કે શ્રેય થઇ શકતું નથી; કારણ કે સાચું દોષમિશ્રિત અને ગુણમિશ્રિત એમ બે પ્રકારનું છે. દોષમિશ્રિત સત્ય ભાગ્યે જ કોઇ બોલે છે, અને જે બોલે છે તે વસ્તુતત્ત્વના અણજાણ બુદ્ધિ વગરના હોય છે. ગુણમિશ્રિત સત્ય બોલતાં ગુણી માણસો શરમાય છે. ચોરીના વિચારવાળો માણસ ચોરી કરીને પોતાને ચોરપણે બોલીને જણાવે છે તે સાચું બોલે છે છતાં સાચાનું ફળ જે આત્મશ્રેય છે તે મેળવી શકતો નથી. તેવી રીતે ઠગવાના વિચારવાળો બીજાને ઠગીને પોતાને ઠગપણે બોલીને જણાવે છે તો ય તે શ્રેય સાધી શકતો નથી; કારણ કે આ સાચું દોષમિશ્રિત છે. બુદ્ધિની નબળાઇને લઇને આ મહત્ત્વનાં કાર્યો છે એવી સમજણથી બીજા પાસેથી મહત્વ મેળવવાને પોતાની વૃત્તિ, વર્તન અને વચનને સાચી રીતે જણાવે છે અને જેઓ આવા કાર્યોને હલકાં માને છે તેઓ તો હલકા બનવાના ભયથી સાચી રીતે જણાવી શકતા નથી. ઉત્તમ આચારવિચારવાળા ગુણવાન પુરુષો પોતાને ગુણીપણે બોલી જણાવતા શરમાય છે. તેમના વર્તન અને વિચાર સંબંધી કોઇ પૂછે તો જ તે નમ્રતાથી સાચી રીતે જણાવે છે. અવળાં કૃત્યો કરનારા દોષી માણસો માનહાનિના ભયથી સાચું બોલી શકતા નથી અને જેઓ સાચું બોલવાનું સાહસ કરે છે તેઓ બુદ્ધિમત્તા, વિદ્વત્તા કે બીજી કોઇ પણ પ્રકારની કળાથી જનતામાં માન મેળવેલું હોવાથી તેઓ માનહાનિનો ભય રાખતા નથી; કારણ કે પ્રથમથી જ કેટલાક માણસો તેના પક્ષપાતી હોવાથી દોષી જણાતા છતાં પણ તેના ગુણ ગાયા કરે છે. જૂઠું બોલ્યા વગર પોતાના દુષ્કૃત્યો સંતાડી શકાતાં નથી માટે માનવીઓને જૂઠો આડંબર કરવો પડે છે. જ્યાં આડંબર હોય છે ત્યાં સાચાનો આદર ભાગ્યે જ થાય છે; કારણ કે આડંબર અસત્યનું રૂપાંતર છે. અછતી વસ્તુને દેખાડવી તે આડંબર કહેવાય છે. આવી રીતે માનવીઓ જૂઠું બોલવાને ટેવાઇ ગયેલા હોવાથી સાધારણ બાબતમાં પણ સાચું બોલી શકતા નથી.

ઘણાખરા માણસોને પોતાની મોટાઇ અને બીજાની હલકાઇ ગમે છે. જો સાચું બોલવામાં પોતાની મોટાઇ જળવાતી હોય તો સાચું બોલતા અચકાતા નથી, પણ જો તેમને હલકાઇ સમજાય તો જૂઠું બોલવાના. જૂઠું બોલ્યા વગર બીજાની પાસેથી મોટાઇ મેળવી શકાતી નથી. અણજાણપણે અથવા જાણતાં છતાં સ્વાર્થને લઇને બીજો માણસ પ્રશંસા કરીને મોટાઇ આપતો હોય અને પ્રશંસા કરાયેલા ગુણો તથા તેવી સ્થિતિ પોતાનામાં ન હોય તો પ્રશંસાપ્રિય સામેના માણસને જૂઠું બોલતાં અટકાવી શકતો નથી, અને પોતે રાજી થાય છે. અને જો પોતાનામાં કોઇ પણ તેવા પ્રકારના અવગુણો હોય અને સામેનો માણસ વખોડે તો તેને તરત અટકાવી દે છે. આ પ્રમાણે જેઓ સાચું સાંભળવાને પણ રાજી નથી, તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાચું કેવી રીતે બોલી શકે ? બીજાની જૂઠી રીતે કરવામાં આવતી હલકાઈને પોતે ખુશીથી સાંભળે પણ પોતાની સાચી રીતે કરવામાં આવતી હલકાઇને સાંભળી શકતો નથી, પણ જૂઠી રીતે કરાયેલી પ્રશંસાને સાંભળે છે. તાત્પર્ય કે આવા માણસોને જૂઠું બોલવું ગમે છે અને જૂઠું સાંભળવું ગમે છે.

દ્વેષબુદ્ધિવાળા ઇર્ષાળુ માણસો પણ સાચું બોલી શકતા નથી; કારણ કે એવા માણસો બીજાની સાચી પ્રશંસા સાંભળી શકતા નથી, એટલે તેમનામાં જૂઠા દોષોનો આરોપ કરે છે. આ પ્રમાણે સૂક્ષ્મ દૃષ્ટિથી સંસારને તપાસીયે તો માણસોમાં અનેક પ્રકારે જૂઠું બોલવાનો પ્રચાર થઇ રહ્યો છે. ઘણા જ થોડા પ્રમાણમાં માણસો સાચું બોલનારા જણાય છે. જ્યારે વ્યાવહારિક સાચું બોલવામાં ઘણી જ અછત જણાય છે, તો પછી પારમાર્થિક સત્ય બોલવામાં તો હજારોમાં ભાગ્યે જ એકાદ નીકળી આવશે અને પારમાર્થિક સાચું બોલ્યા વગર વિકાસ સાધી શકાય નહિ.

# પૂજ્ય ગુરુદેવને !

( ત્રોટક )

હરતાં ફરતાં હસતાં રડતાં,
શયને સપને વળી જાગૃતિમાં;
અનુભૂત વિભૂતિ સુયોગ તણો,
નિત ભાસ થતો ગુરુદેવ તણો. ૧

જળમાં સ્થળમાં ક્ષણમાં પળમાં,
ગિરિગહ્વરમાં સ્મરણો ગુરુનાં;
તરુપલ્લવમાં કુસુમો સરખાં,
નયનો ગુરુદેવ તણાં હસતાં. ૨

વિપદોત્થિત તાપ ઘણા વસમા,
મનમાં વસતાં અતિશે મુજમાં;
ગુરુદેવકૃપા સલિલે સઘળા,
અતિ શાંત થતા ક્ષણમાંહિ સદા. ૩

વિષસર્પ જગે ફરતા સબળા,
વિષયો ફણિ શા જગમાં ફરતા;
સહુને ચિરકાલ ખરે ! ડસતા,
વિષ ફેરવતા સહુની નસમાં. ૪

વિષવૈદ્ય સમા ગુરુરાજ તમે,
અમ નાડી ધરો નિજ હસ્ત વિષે;
શુભ જ્ઞાન શું ઔષધ આપ દિઓ,
અમ સર્વ વિમોહક રોગ હરો. ૫

પરિતાપ હરો, અતિ સૌખ્ય દિયો,
અમને નિત સત્પથ દર્શન દો;
સ્મરણો શુભ થાય સદા સુખદા,
હરજો ગુરુદેવ ! બધી વિપદા. ૬

વનવીથિ વિષે હસતાં હસતાં,
ગુરુપાય ચૂમ્યા શુભ દૈવત શા;
વિસરાય નહીં ગુરુદેવ કૃપા,
વિસરાય નહીં ગુરુવાણી સુધા. ૭

ગુરુદેવ ! તમે અમ માતપિતા,
ભગિની સુત સર્વ થકી વધતા;
સુતથી અધિકા અમને ગણતા,
નિત અમૃત પાઇ મુદે વસતા. ૮

અમને તજી આપ વિમુક્ત થયા,
પણ પ્રેમ હજી વરસ્યા કરતા;
નિત પ્રેમસુધા વરસાવી ગુરો !
અમ અંતરમાં શુભ ભાવ ભરો. ૯

અમ ચિત્ત વિષે ગુરુનાં સ્મરણો,
નિરમે નવલાં ભવનાં તરણો;
બસ, મોક્ષ સુધામ ગુરો ! મળશું,
શુભ જીવનથી અજિતે ભળશું. ૧૦

અનુષ્ટુપ્

ગીતોમાં શાસ્ત્રમાં દેખું દિવ્યતા બસ આપની;
રમ્ય હેમેન્દ્રના હૈયે સ્પર્શતી સ્મૃતિ આપની. ૧૧

મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમાર્થસૂચક વાક્યસંગ્રહ

( ગતાંક પૃષ્ઠ ૨૪૪ થી ચાલુ )

સંગ્રાહક ને યોજક : **મુનિ પુણ્યવિજયજી (સંવિજ્ઞપાક્ષિક) અમદાવાદ.**

વાતાવરણ તથા સ્થાનના પરિવર્તનથી મનુષ્યોના મનોભાવ તથા વિચારોનું કેટલેક અંશે પરિવર્તન થઇ જાય છે. જે સ્થળમાં રહેવાથી આત્મા શુભ ભાવમાં રહી ન શકે તે સ્થળનો તુરત જ ત્યાગ કરવો. ૬૬

સત્સંગતિ, ધર્મશાસ્ત્રોનું વાચન અને તત્ત્વમનન એ ત્રિપુટીનો અહર્નિશ સમાગમ રાખવામાં આવે તો, ગમે તેવા વિષમ કાળમાં પણ મનુષ્યો પોતાની જિંદગીને પવિત્ર બનાવી શકે છે. ૬૭

મનુષ્યજન્મની સાર્થકતા બે વસ્તુઓ ઉપર આધાર રાખે છે. તે બે વસ્તુઓ–બુદ્ધિ અને કર્ત્તવ્યપાલન છે. બુદ્ધિથી કર્ત્તવ્યોની શોધ કરવામાં આવે છે; કેમકે બુદ્ધિના અજમાવ્યા વગર કર્ત્તવ્યો પર પ્રકાશ પડતો નથી અને કર્ત્તવ્યો સમજ્યા વગર કર્ત્તવ્યપાલન બની શકતું નથી. ૬૮

પ્રાણીઓના મનરૂપી ગાઢા વનમાં શુભ તથા અશુભરૂપી મોટા કાંઠાઓવાળી વાસનારૂપ નદી સર્વદા પ્રબળ વેગથી ચાલી જાય છે. ૬૯

વાસનાથી ઘેરાયેલું ચિત્ત સંસારમાં રહેલું છે, અને તે જ જો વાસનાઓથી રહિત થાય તો જીવનમુક્ત કહેવાય છે. ૭૦

જે દેહાભિમાનરૂપી અહંકાર છે, તેજ અનંત જન્મોરૂપી વૃક્ષોનો કાંટો છે, કે જે વૃક્ષોની 'આ મારું, આ મારું' એવા પ્રકારની મમતાઓ-રૂપ હજારો શાખાઓ ફેલાયેલી છે. ૭૧

દરિદ્ર મનુષ્ય જેમ ધનવાનને ત્યાં રહેલું સુવર્ણ જુએ તથા સ્પર્શ કરે તો પણ તે ભાગ્યહીનને તે દ્રવ્યની પ્રાપ્તિ થઇ શકતી નથી, તેમ સચ્ચિદાનંદ સ્વરૂપવાળા આત્માનું શ્રવણ તથા મનન કર્યા છતાં પણ વૈરાગ્યરૂપ ભાગ્ય વિના વિષયી જનોને તે આત્માની પ્રાપ્તિ થઇ શકતી નથી. ૭૨

ઇશ્વર આ લોકમાં કોઇના પણ કર્ત્તાપણાને અથવા કર્મોને સરજતો નથી, તેમજ કર્મના ફળોના સંયોગને પણ ઉત્પન્ન કરતો નથી. માત્ર મનુષ્યો સ્વભાવ–પ્રકૃતિથી જ શુભાશુભ કર્મો કરે છે અને તેના ફળને ભોગવે છે. ૭૨

સંયમના નિર્વાહ માટે કામ લાગતાં વસ્ત્ર-પાત્રાદિકને 'ઉપકરણ' કહેવામાં આવે છે, અને જે નકામાં મમતાબુદ્ધિથી એકઠા કરેલા હોય તેવા ઉપકરણો 'અધિકરણ' કહેવાય છે. ગુણનિષ્પન્ન ગીતાર્થ અધિપતિ સિવાય અન્ય વ્યક્તિએ શાસ્ત્રમાં ગણાવેલા ઉપકરણથી અધિક રાખવા એ પણ પરિગ્રહ છે. ૭૪

શાસ્ત્રનો આદેશ દૂર કરી ઉત્સર્ગ અપવાદના નિમિત્ત વગર વધારે વસ્ત્રપાત્રાદિ રાખવા એ પણ સંસાર વધારનાર જ છે. ૭૫

કોઈ પણ વસ્તુ ઉપર ધર્મને નામે પણ હૃદયમાં મારાપણાની બુદ્ધિનો ત્યાગ થશે નહિ ત્યાં સુધી તમે પરિગ્રહથી મુક્ત છો એમ કહી શકાશે નહિ. ૭૬

ધર્મને નિમિત્તે કરવામાં આવતો પરિગ્રહ તો જરા પણ ખોટો છે, એમ કેટલીક વાર વિચાર કર્યા વગર સમજવામાં પણ આવતું નથી, છતાં પણ યતિજીવનરૂપ વહાણમાં એ બહારથી સુંદર દેખાતા પરિગ્રહરૂપ સુવર્ણનો અતિ ભાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભરવામાં આવે તો ચારિત્રનૌકા સંસારસમુદ્રમાં નાશ પામે છે અને એનો આશ્રય કરનાર મૂઢ જીવ પણ ડૂબે છે. ૭૭

નિવૃત્તિનું ખરું સ્વરૂપ ધ્યાનમાં હોય તો જ ચિંતવનમાં પણ કરવું, કરાવવું, અનુમોદવું નહીં એ સાવદ્યનો ત્યાગ થઈ શકે છે. ૭૮

મમત્વ અને મહત્ત્વને અંગે સંઘ માટે પણ થતું સાવદ્ય ચિંતવન આત્મરૂપ ઉદરમાં નાંખવાથી સંયમપ્રાણને હરી લે છે. ૭૯

જો શાસ્ત્રના દરેક વચન સુપરિણામે પરિણમવામાં ન આવે તો તે શાસ્ત્ર શસ્ત્રરૂપે પરિણામ પામીને પ્રાણીને પોતામાં ગુણીપણું મનાવી અને બીજા ગુણીઓમાં અવગુણીપણું મનાવી તેઓની અવજ્ઞા અને પોતાના ઉત્કર્ષદ્વારા અનંત કાળચક્ર સુધી સંસારમાં રઝળાવે છે. ૮૦

સ્વગચ્છ કે પરગચ્છમાં સંવિજ્ઞ ( તીવ્ર વૈરાગ્યવંત ભવભીરુ બહુશ્રુત ગીતાર્થ ) મુનિજનો હોય તેમનો ગુણાનુરાગ કરવા મત્સર કે ગચ્છ-મમત્વભાવથી તું ચૂકીશ નહિ. ૮૧

ગુણાનુરાગીને આ મારા ગુરુ અને મારા ગચ્છના એ વિચાર હોય નહિ. વેષ માન્ય છે. અવગુણો ન માલુમ પડે ત્યાં સુધી દૂરથી સામાન્ય રીતે નમન કરવા યોગ્ય છે; પણ પૂજા તો ગુણની જ છે અને અંતર રાગ પણ તે પરજ હોવો જોઇએ અને ગુરુ થવા યોગ્ય સાધુને તો આ મારા શ્રાવક છે એવી વૃત્તિ સ્વાર્થ સાધવાની બુદ્ધિએ ન જ હોવી જોઈએ. ૮૨.

અનંતજ્ઞાનીઓએ નિયત કરેલા વેષની સાથે સમ્યગ્દર્શનાદિ ગુણો પણ જોઇએ. તે સિવાયનો સાધુ એ તાત્ત્વિક દૃષ્ટિએ સાધુ નથી; માટે કેવળ વેષધારીને જોઇને પણ મૂંઝાવાનું નથી. ૮૩.

જેમ જગતમાં-વ્યવહારમાં શુદ્ધ ચાંદી અને મહોર સાચી હોય તો તે નાણું ચાલે અન્યથા નહિ, તેમ અહીં પણ-શ્રી જૈન શાસનના વ્યવહારમાં ગુણ અને વેષ એ ઉભય હોય તો તે વંદનીય-પૂજનીય માન્યો છે. ૮૪.

ગુણ પૂજનીય છે, પણ વેષ નહિ એમ માની વેષને ઉડાવનારા અગર તો ભગવાન શ્રી મહાવીરદેવનો વેષ પૂજ્ય છે. એમ માની કેવળ વેષમાં જ મૂંઝાઈ જનારા શ્રી જૈન શાસનના મર્મને સમજ્યા નથી. ગુણની પરીક્ષા બુધ જનો જ કરી શકે છે. ૮૫

જ્ઞાની મહાપુરુષો ત્યાં સુધી ફરમાવે છે કે જેમ વિષ્ટામાં પડેલી ચંપકમાલા મસ્તકે ધારણ કરવા લાયક નથી, તેમ પતિતોના સ્થાનમાં રહેલ સુવિહિત મહાત્માઓ પણ પૂજ્ય નથી. ૮૬

ઉત્તમ પુરુષ જેવું જેવું આચરણ કરે છે તે પ્રમાણે જ બીજા પ્રાકૃત જનો પણ વર્તે છે, અને તે સાધુપુરુષ જે વસ્તુને પ્રમાણ માને છે તેને જ સામાન્ય લોકો અનુસરે છે; જેથી ધર્માધિકારી ઉત્તમ પુરુષોએ પોતાના આચાર આદિમાં જરા પણ ક્ષતિ ન આવવા દેવી જોઇએ. ૮૭ (ચાલુ)

## સ્વસ્થ-અસ્વસ્થતાનું સુખ.

સ્વસ્થપણાના સુખનો અંશ પણ એટલો બધો કિંમતી છે કે જેની પાસે ત્રણ લોકના રાજ્યનું સુખ પણ તુલનામાં આવી શકતું નથી, કેમકે પ્રથમનું સુખ-મનની સ્વસ્થતાનું સુખ અવિનાશી છે, ત્યારે બીજું વિષયાદિકથી થતું સુખ વિનાશી અને કર્મનો તીવ્ર બંધ કરાવનાર છે. પહેલું સુખ સંસારમાંથી મુક્ત કરાવનાર છે, ત્યારે બીજું સુખ સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે. ઇત્યાદિ અનેક પ્રકારે તે બન્ને પ્રકારના સુખમાં અત્યંત તફાવત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધસ્તોત્ર

રચનાર અને વિવેચક :
**ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા, એમ. બી. બી. એસ.**

( ગતાંક પૃષ્ઠ ૨૪૬ થી શરુ )

તે નિર્વાણ માટે દૃષ્ટાંત આપે છેઃ—

વસંતતિલકા વૃત્ત—

**જ્યું અગ્નિ ઇંધન ખુટયે સ્વયમેવ શામે, જ્યું દીપ તેલ ખૂટતાં નિરવાણ પામે;**
**નિર્વાણ કર્મ વિણ પ્રાપ્ત જ તે પ્રકારે, તે સિદ્ધના ચરણ હો શરણું અમારે. ૧૬**

**શબ્દાર્થ**:—જેમ અગ્નિ ઇંધન ( બળતણ ) ખૂટતાં પોતાની મેળે જ શમાઈ જાય છે, જેમ દીપક તેલ ખૂટતાં નિર્વાણ પામે છે–બુઝાઇ જાય છે, તેમ કર્મ ખૂટતાં જે નિર્વાણ પામ્યા છે,–તે સિદ્ધના ચરણનું અમને શરણ હો !

## વિવેચન—

અગ્નિ ત્યાં સુધી બળ્યા કરે કે જ્યાં સુધી ઇંધન–બળતણ હોય. પણ બધું ય બળતણ બળી ગયા પછી તો તે એની મેળે જ શમી જાય છે–ઠરી જાય છે; ભસ્માવશેષ રહે છે. તેમ જ્યાં લગી કર્મરૂપી કાષ્ઠ હોમાયા કરે છે, ત્યાં લગી સંસાર અગ્નિ પ્રજ્વલિત રહ્યા કરે છે; પણ કર્મકાષ્ઠની હોળી કરી, તેને ભસ્માવશેષ કરવામાં આવતાં તત્કાળ સંસાર–અગ્નિ ઠરી જાય છે–શમી જાય છે––નિર્વાણ પામે છે; એટલે સકલ કર્મ મુક્તિરૂપ નિર્વાણની પ્રાપ્તિ થાય છે. ભગવાને સકલ કર્મની હોળી કરી આ નિર્વાણની પ્રાપ્તિ સાધી છે.

" શુકલ ધ્યાન હોરી કી જ્વાલા, જાલે કર્મ કઠોર રે–નિજ સુખ કે સધૈયા;
શેષ પ્રકૃતિ દલ ક્ષીરણ નિર્જરા, ભસ્મખેલ અતિ જોર રે–નિજ સુખ કે સધૈયા. "
" અષ્ટકર્મ વન દાહ કે, પ્રગટિ અન્વય ઋદ્ધિ." **—શ્રી. દેવચંદ્રજી.**

સર્વથા બીજ બળી ગયા પછી જેમ અંકુરો ફૂટતા નથી, તેમ કર્મ–બીજ બળી ગયા પછી ભવ–અંકુર ફૂટતો નથી.

**" दग्धे बीजे यथात्यंतं प्रादुर्भवति नांकुरः, कर्मबीजे तथा दग्धे न रोहति भवांकुरः ॥ "**
**—શ્રી હરિભદ્રાચાર્યજીકૃત શાસ્ત્રવાર્તા સમુચ્ચય.**

તે જ પ્રમાણે જ્યાં સુધી તેલ હોય છે, ત્યાં સુધી દીવો બળ્યા કરે છે; તેલ ખૂટી જતાં તે એની મેળે હોલવાઇ જાય છે–નિર્વાણ પામે છે, તેમ જ્યાં સુધી કર્મરૂપ તેલ ચાલે છે ત્યાં સુધી સંસાર–દીપક બળ્યા કરે છે, અને નવા પુદ્ગલકર્મરૂપ તેલનો ક્ષેપ વર્જીને જૂનું કર્મ–તેલ નિઃશેષ થાય છે ત્યારે સંસારનો દીવો આપોઆપ બુઝાઇ જાય છે–નિર્વાણ પામે છે. આમ ભગવાન સિદ્ધ નિર્વાણને પામ્યા છે.

" પુદ્ગલ તેલ ન ખેપ, શુદ્ધ દશા જે નવિ દહે હો લાલ. "
**—શ્રી. યશોવિજયજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**" तत्र द्रागेव भगवानयोगाद्योगसत्तमात्, भवव्याधिक्षयं कृत्वा निर्वाणं लभते परम् ॥ "**

**—શ્રી. હરિભદ્રાચાર્યજીકૃત શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય.**

એવા તે નિર્વાણપ્રાપ્ત શ્રી સિદ્ધ ભગવાનના ચરણનું અમને શરણ હો !

હવે આ નિર્વાણપ્રાપ્તિ કયા ક્રમે થઇ તેનો સંક્ષિપ્ત ઉલ્લેખ સિંહાવલોકન ન્યાયે કરતાં સ્તોત્રકાર કહે છે:—

**સમ્યક્ત્વ જ્ઞાન ચરિતે યુત જે થઇને, ને દ્વાર આશ્રવ તણા સહુ સંવરીને;**
**રોધે નવા પ્રથમ કર્મ રૂડા પ્રકારે, તે સિદ્ધના ચરણ હો શરણું અમારે ! ૧૭**

**શબ્દાર્થ:**—સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રથી યુક્ત થઇ, જે આશ્રવના બધા દ્વાર સંવરીને ( બંધ કરીને ) પ્રથમ તો નવાં કર્મને સમ્યક્ પ્રકારે રોધી દે છે,-તે સિદ્ધના ચરણ અમને શરણરૂપ હો !

**વિવેચન—**

નિર્વાણપ્રાપ્તિરૂપ પરમયોગની પ્રાપ્તિ પણ, નાના પ્રકારની મોક્ષસાધક યોગ પ્રક્રિયામાંથી-યોગ સાધનામાંથી સફળપણે ઉત્તીર્ણ થયા પછી થાય છે. **મોક્ષ સાથે યોજનાર યોગરૂપ** મુખ્ય સાધન ત્રણ છે: સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. દેહાદિથી આત્મા સર્વથા ભિન્ન છે, ઉપયોગવંત અને અવિનાશી છે, એવું જે સદ્ગુરુ ઉપદેશથી યથાસ્થિત જ્ઞાન થવું તે **સમ્યગ્જ્ઞાન** છે; તથા પ્રકારે જે જ્ઞાનથી જાણ્યું તેની સમ્યક્ પ્રતીતિ ઊપજવી તેનું નામ **સમ્યગ્દર્શન** અથવા સમકિત છે; અને જ્ઞાનદર્શને કરી જેવું શુદ્ધ આત્મસ્વરૂપ જાણ્યું-પ્રતીત્યું, તેવો સર્વથી ભિન્ન-અસંગ સ્થિર આત્મસ્વભાવ ઊપજવો તે **સમ્યક્ચારિત્ર** છે. **પરમ સમર્થ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી** કહે છે:—

" છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ...મૂળ મારગ સાંભળો જિનનો રે.
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું **જ્ઞાન** તેનું નામ ખાસ...મૂળ મારગ૦
જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત...મૂળ મારગ૦
કહ્યું ભગવંતે **દર્શન** તેહને રે, જેનું બીજું નામ સમકિત...મૂળ મારગ૦
જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વથી ભિન્ન અસંગ...મૂળ મારગ૦
એવો સ્થિર સ્વભાવ જે ઊપજે રે, નામ **ચારિત્ર** તે અણલિંગ...મૂળ મારગ૦ "

**—શ્રીમદ્ રાજચંદ્ર.**

" જીવાદિક છ દ્રવ્ય જેવા છે તેવા સદ્દહવા તે સમકિત, અને છ દ્રવ્ય જેવા છે તેવા ગુણપર્યાય સહિત જાણે તે જ્ઞાન જાણવું. તે છ દ્રવ્ય જાણીને અજીવને છાંડે અને જીવના સ્વગુણમાં સ્થિર થઇને રમે તે ચારિત્ર કહીએ. એ જ્ઞાનદર્શનચારિત્ર શુદ્ધ રત્નત્રયી તે મોક્ષનો માર્ગ છે. માટે એ જ્ઞાનદર્શનચારિત્રનો ઘણો યત્ન કરવો. એ રત્નત્રયી પામીને પ્રમાદ કરવો નહીં. "

**—શ્રી. દેવચંદ્રજીકૃત આગમસાર.**

**"निच्छयमग्गो मुक्खो ववहारो पुण कारणो वुत्तो, पढमो संवररूवो आसवहेउ तओ बीओ ॥"**

અર્થાત્—નિશ્ચયમાર્ગ મુખ્ય છે, વ્યવહારમાર્ગ તેના કારણરૂપ કહ્યો છે; પ્રથમ નિશ્ચયમાર્ગ સંવરરૂપ છે, બીજો વ્યવહારમાર્ગ આશ્રવહેતુ છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनन्तधर्मात्मकम् वस्तु

લેખક: રા. રા. જીવરાજભાઈ ઓધવજી દોશી, બી. એ., એલએલ. બી.

જૈન દર્શન વસ્તુ( reality )ને અનંત ધર્માત્મક–અનંત ધર્મવાળી માને છે. જ્ઞાન મેળવવાના જે જે સાધનો–પ્રમાણો છે, તે સાધનોથી વસ્તુમાં અનંત ધર્મો ભાસે છે. પ્રમાણો સિદ્ધાંતમાં બે પ્રકારના બતાવ્યા છે: પ્રત્યક્ષ અને પરોક્ષ. ઇંદ્રિયો અને મનની મદદ વગર આત્મિક શક્તિથી પદાર્થનું જે જ્ઞાન થાય છે, તેને સિદ્ધાંતમાં પ્રત્યક્ષ જ્ઞાન કહેવામાં આવે છે, અને ઇંદ્રિયો અને મનદ્વારા જે જ્ઞાન થાય છે તેને પરોક્ષ જ્ઞાન કહે છે. સામાન્ય વ્યવહારમાં આપણે જેને પ્રત્યક્ષ જ્ઞાન કહીએ છીએ તેને સિદ્ધાંતમાં પરોક્ષ જ્ઞાન કહ્યું છે, કારણ તે જ્ઞાનમાં પરની એટલે ઇંદ્રિયો અને મનની અપેક્ષા રહે છે. કેવળજ્ઞાન સર્વોત્કૃષ્ટ જ્ઞાન છે. કેવળજ્ઞાન કોઇ પણ પ્રકારના આવરણ વિનાનું હોવાથી તેમાં વસ્તુ તેના તાત્ત્વિક સ્વરૂપમાં ભાસે છે. છદ્મસ્થજ્ઞાનમાં વસ્તુના અમુક અંશનું જ જ્ઞાન થાય છે. કેવળજ્ઞાનમાં વસ્તુ અનંત ધર્મોવાળી ભાસે છે, એટલે કેવળજ્ઞાની ભગવાન વસ્તુને અનંત ધર્માત્મક પ્રતિપાદન કરે છે. આપણને પણ બુદ્ધિદ્વારા વિચાર કરતાં વસ્તુમાં અનંત ધર્મો હોવાની પ્રતીતિ થાય છે. અનંત ધર્મો વસ્તુમાં કેવી રીતે ઘટી શકે તેનો વિચાર કરીએ.

દરેક પદાર્થમાં બે પ્રકારના ધર્મો જોવામાં આવે છે: એક ભાવાત્મક ( positive ) અને બીજા અભાવાત્મક ( negative ). જે ધર્મોથી પદાર્થનું સ્વત્વ ઘડાય છે, તે તેનો ભાવાત્મક ધર્મ છે. જે ધર્મોથી પદાર્થ બીજા પદાર્થોથી જુદો પડે છે તે તેનો અભાવાત્મક ધર્મ છે. આ હકીકત સમજવાને એક દૃષ્ટાંત લઇએ. એક હેમચંદ નામના માણસની વિવક્ષા કરતાં, હેમચંદ એક માણસ છે, જ્ઞાતે વાણિયો છે, ધર્મે જૈન છે, કાઠિયાવાડનો રહીશ છે, વાને ઊજળો છે, કદમાં ટૂંકો છે, વજનમાં ભારે છે, શરીરે સશક્ત છે, સંપૂર્ણ ઇંદ્રિયોવાળો છે, સારું ભણેલો છે, કાપડનો વેપારી છે, ધંધામાં પ્રમાણિક છે, ધર્મમાં આસ્થાવાળો છે, સ્વભાવે ઉદાર છે વગેરે અનેક ગુણો હેમચંદમાં દેખાય છે, તે તેના ભાવાત્મક ગુણો છે. તે ગુણોથી હેમચંદનું સ્વત્વ ઘડાયું છે. આ ધર્મોની વિવક્ષા કરવાની સાથે જ કયા કયા ધર્મોથી તે બીજી વસ્તુઓથી જુદો પડે છે તે બુદ્ધિમાં તરી આવે છે. હેમચંદ એક દેવ કે પશુ નથી, બ્રાહ્મણ કે ક્ષત્રિય નથી, વૈષ્ણવ કે શૈવ નથી, ગુજરાત કે માળવાનો રહીશ નથી, વાને કાળો નથી, કદમાં ઊંચો નથી, વજનમાં હલકો નથી, શરીરે અશક્ત નથી, ઇંદ્રિયોમાં ખોડવાળો નથી, અભણ નથી, અનાજનો વેપારી નથી, ધંધામાં કપટી નથી, ધર્મમાં આસ્થા વિનાનો નથી, સ્વભાવે કંજૂસ નથી વગેરે અનેક ગુણોનો તેનામાં અભાવ છે. એટલે જે જે અન્ય ગુણવાળો તે નથી, તે તેના અભાવાત્મક ગુણો છે. હેમચંદ વિષે સંપૂર્ણ માહિતી મેળવવા માટે તેનામાં જે જે ગુણો છે તે અને જે જે ગુણો નથી તે બધા જાણવા જોઇએ. અને જગતમાં જેટલા પદાર્થો છે તે દરેક પદાર્થથી હેમચંદને જુદો પાડવાનો રહે છે, એટલે ભાવ ગુણોથી અભાવ ગુણો ઘણી મોટી સંખ્યાવાળા હોય છે અર્થાત સ્વપર્યાયથી પરપર્યાયો ઘણી મોટી સંખ્યાવાળા છે; એટલે કોઇ એક પદાર્થ પ્રથમ દર્શને આપણને અમુક ગુણોવાળો જણાય છે, તે પદા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસાની અદ્ભુત શક્તિ

[ ૧૦ ]

## રાજપુત્ર પણ કેદી !

લેખક: **મોહનલાલ દીપચંદ ચોકસી.**

( ગતાંક પૃષ્ઠ ૨૫૧ થી શરુ )

સત્યાગ્રહની અસર થયા સિવાય રહેતી જ નથી. કોઇ પણ જાતના પ્રતિકાર વિના સિદ્ધાંતના રક્ષણ અર્થે જરા પણ ગુસ્સો આણ્યા સિવાય નિડરતાથી શાંતિપૂર્વક દેહનું સમર્પણ કરવું એ સર્વોત્કૃષ્ટ કાર્ય છે. 'અહિંસા પરમો ધર્મ:' પોકારી પાંચ તરુણો તુરંગના કેદી બન્યા ! પુરોહિત માણિક્યદેવ જો કે ઉપરથી જાણે પોતાનુ વર્તન વિજયી સરદાર જેવું દાખવતો હતો, છતાં એના મનમાં એક અનોખી ચિંતાનો ઉદ્ભવ તો થઇ ચૂકયો હતો જ. આ વેળા નવરાત્રિ મહોત્સવ સાંગોપાંગ પાર ઊતરશે કે કેમ ? એ પ્રશ્ને એને પણ મૂંઝવણમાં નાંખ્યો હતો.

બીજી તરફ નજરકેદીનું જીવન ગાળી રહેલી મૃગાવતી પણ આ સમાચાર સાંભળી ધ્રૂજી ઊઠી હતી. તેણીને અન્ય કંઇ માર્ગ ન જણાતા આખરે એક વાત સ્ફુરી અને આ હકીકત મહેન્દ્રકુમારને

---

ર્થની તાત્ત્વિક સમીક્ષા કરતાં, તેના સ્વ અને પર પર્યાયનો વિચાર કરતાં, તે પદાર્થ એક ફક્ત સાદો જણાતો નથી; પણ અસંખ્યાત ગુણોવાળો જોવામાં આવે છે. આ વિવક્ષામાં જ્યારે પ્રસ્તુત પદાર્થના જુદા જુદા ક્ષેત્ર અને જુદા જુદા સમયને આશ્રિને થતાં જુદા જુદા પર્યાયોનો વિચાર ઉમેરવામાં આવે છે ત્યારે તે પદાર્થ અનંતધર્માત્મક બને છે. વર્તમાનકાળનો હેમચંદ ભૂતકાળના હેમચંદથી તેમજ ભવિષ્યકાળના હેમચંદથી જુદા પર્યાયવાળો છે. વસ્તુના પર્યાય સમયે સમયે બદલાય છે. એક વસ્તુના ભૂત, વર્તમાન અને ભવિષ્યના પર્યાયો જોવામાં આવે તો અનંત પર્યાયોવાળો તે બને છે; કારણ સમયો અનંત છે. એટલે કાળવૃત્તિને આશ્રિને એક પદાર્થ અનંત પર્યાયવાળો બને છે. તે પ્રમાણે ક્ષેત્રકૃત પર્યાયો પણ વિચારવાના રહે છે. ટૂંકામાં એક વસ્તુનું પૃથક્કરણ ( analysis ) કરતાં, તે પ્રથમ દૃષ્ટિએ અમુક જ ગુણોવાળી એક સાદી વસ્તુ જણાય છે તેવી નીકળતી નથી, પણ અનેક ગુણોથી મિશ્રિત એક complex વસ્તુ નીકળે છે, અને તાત્ત્વિક દૃષ્ટિએ સંપૂર્ણ પૃથક્કરણ કરતાં તેમાં અનંત ધર્મો હોવાની સાબિતી થાય છે. કેવળજ્ઞાનમાં વસ્તુ અનંત ધર્મોવાળી સ્વત: ભાસે છે, માટે જૈન દર્શનમાં અનંતધર્માત્મક વસ્તુ પ્રતિપાદન કરેલ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે જે એકને સંપૂર્ણ જાણે છે તે સર્વને જાણે છે. એટલે એકને સંપૂર્ણ જાણવા માટે જેમ તે વસ્તુના સર્વ પર્યાયો જાણવા પડે છે તેમ તે વસ્તુમાં અભાવરૂપે રહેલ પરપર્યાયોને પણ સંપૂર્ણ જાણવાના રહે છે, અર્થાત્ એક વસ્તુના સંપૂર્ણ જ્ઞાનમાં સર્વ વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન થઇ જાય છે. કેવળજ્ઞાનમાં અનંતધર્માત્મક એક અખંડ વસ્તુ ભાસે છે.

વસ્તુ અનંતધર્માત્મક હોવાથી તેમાં પરસ્પર વિરોધી ધર્મોનો પણ સમાવેશ થાય છે. પરસ્પર વિરોધી ધર્મો એક વસ્તુમાં કેવી રીતે ઘટી શકે તે યુક્તિપુર:સર ( logically ) સમજાવનાર અનેકાંતવાદ–સ્યાદ્વાદ છે. અનેકાંતવાદનું દિગ્દર્શન બીજા લેખમાં કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જણાવવી એમ નક્કી કરી, પત્રમાં લખી, દાસીદ્વારા એ પત્ર ગુપ્ત રીતે મહેન્દ્રકુમારને ચંપા રવાના કર્યો. રાજપુત્ર શું જવાબ આપે છે તેની રાહ આતુર નયને તે જોઇ રહી. દિવસ પર દિવસ વીત્યા છતાં આશા ન ફળી !

છઠ્ઠા દિવસે પણ આરતિની પૂર્ણાહૂતિ થતાં જ ' અહિંસા પરમો ધર્મઃ ' નો ઘોષ થયો. પુરોહિતે યાત્રીવર્ગમાં હાકલ કરી છતાં આ રીતે નિર્દોષ યુવાનો ને કેદખાનામાં હડસેલી દેવાતા નિરખી ઘણાના મનમાં આ સવાલે જિજ્ઞાસા પ્રગટાવી હતી. કેટલાકને વિચાર કરતા બનાવી દીધા હતા કે તરુણની વાતમાં ખોટું શું છે ? કાળીમાતા મૂંગા પશુઓનો ભોગ શા સારુ માંગે ? એટલે પહેલાની માફક કોઇ પકડવા આગળ ન આવ્યું. ત્રણચાર વાર હાકોટા પાડ્યા અને માતા કોપાયમાન થશે એવો ભય દર્શાવ્યો ત્યારે માંડ બે ત્રણ ભક્ત આગળ આવ્યા અને પેલા યુવાનને પકડી લીધો. એને પણ સિપાઇઓને સોંપી કારાગૃહનો અતિથિ બનાવાયો. આજના દિવસની યાત્રીગણની વિચિત્ર વલણ નિહાળી માણિક્યદેવે જનસમાજની વલણ જાણવા–વાતાવરણમાં કેવી હવા પ્રસરી રહી છે એ સમજવા–પોતાના ગુપ્ત દૂતોને રવાના કર્યા.

સંધ્યાકાળ થતાં જ એમાંના એકે આવી ' મૃગાવતી ' ના નામનો એક પત્ર લાવી, પુરોહિતના હાથમાં મૂકયો. એ ઉઘાડી વાંચતાં જ એને અંગે ઝાળ ઊઠી. એકદમ ગુસ્સો ઊભરી આવ્યો ! અસ્ફુટ સ્વરે બોલી ઊઠયોઃ

'યાદ રાખ, રાજકુંવરી ! તું મહેન્દ્રની મદદ માગે છે ! આ પુરોહિત સામે કાવત્રું રચે છે, પણ મને ઓળખતી નથી ! આ માણિક્યદેવ કોઇનો પણ પરાભવ સહી શકે તેમ નથી. એના માર્ગમાં આવનાર હરકોઇનું એ નિકંદન કાઢી નાંખતા લેશ માત્ર વિલંબ નહીં કરે ! ' એકદમ નરસિંહના નામની બૂમ પાડી અને તરત જ નરસિંહ આવી, કરજોડી ઊભો રહ્યો.

પુરોહિતે એના કાનમાં કંઇ કહ્યું, એ સાંભળતાં એનો ચહેરો એકદમ ભયભીત થઇ ગયો–ઘડીભર એ થંભી ગયો ! આજ્ઞા સાંભળી આભો બન્યો ! તરત જ અધિકારસૂચક સ્વર સંભળાયોઃ

' વિચાર શું કરે છે ? આજ્ઞાનો અમલ એ જ તારો ધર્મ ! અન્ય વિચાર કેવો !

નરસિંહઃ ' પણ, માલિક ! આ ભયંકર કાર્ય !

માણિક્યદેવઃ ' આજ્ઞા એટલે આજ્ઞા જ. એ માટે અપીલે નહીં અને વિનંતી પણ નહીં જ. આજ્ઞા બજાવી આવ ! ' નરસિંહ તરત જ. ત્યાંથી પસાર થઈ ગયો.

રાજવી પદ્મનાભ નવલોહિયા તરુણોને બંદીખાનામાં ધકેલતો હતો અને કાલીમાતા પ્રત્યે તેમજ પુરોહિત પ્રત્યે ભક્તિ દાખવતો હતો, છતાં એના હૃદયમાં ' આ ઠીક નથી થતું ' એવો ઊંડેથી ધ્વનિ ઊઠી રહ્યો હતો. કેવળ ' અહિંસા પરમો ધર્મઃ ' પોકારનાર નિર્દોષ વ્યક્તિઓને કારાગૃહમાં સત્તાના જોરે મોકલી દેવા એમાં ન્યાય તોલન નહોતું એ સમજતો અને તેથી જ ચિંતાગ્રસ્ત રહેતો. ચરદ્વારા રોજના બનાવે સંક્ષોભ પ્રગટાવ્યો છે એવા સમાચાર માણિક્યદેવે જાણ્યા ત્યારથી એ પણ સુખ વાઘતું રાખ્યા છતાં અંદરથી શિયાળવૃત્તિનો ભોગ બની રહ્યો હતો. આ વેળા પોતાનો કિલ્લો ધરાશાયી થવાના ભણકારા એને વાગી રહ્યા હતા.

સાત યુવકો તુરંગના મહેમાન થઇ ચૂકયા. આજે આઠમો દિવસ હતો. આરતી પૂર્ણ થવા આવી. પુરોહિતનુ મન માતાની ભકિત કરતાં હમણાં જ યુવક આવશે, એવા વિચારમાં લીન બન્યું. ત્યાં તો ' અહિંસા પરમો ધર્મઃ 'નો નાદ થયો. બોલનાર યુવકની શાંત પ્રકૃતિએ હાજર રહેલ યાત્રિકોના હૃદય આકર્ષ્યા. અહર્નિશ કોપનો ભોગ બની કારાગૃહના કમાડ ઠોકતા યુવકના ચહેરા પર જરા સરખી ક્રોધની નિશાની નહોતી કે ગુસ્સાની રેખા સરખી પણ નહોતી; એથી યાત્રાળુના અંતર દ્રવીભૂત થયા હતા, એમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજના તરુણની મુદ્રાએ ઉમેરો કર્યો. તેઓ પણ ' અહિંસા પરમો ધર્મ: ' પોકારી ઊઠ્યા.

આ દશ્ય જોતાં જ પુરોહિતનો ગુસ્સો હદ ઓળંગી ગયો. તાડૂકીને બોલ્યો: 'મૂર્ખ લોકો ! માતા કોપાયમાન થશે ! તમો શું વદી રહ્યાં છો ? વિચાર તો કરો !' અને તરત જ હાથમાંની આરતી યુવકના મોં પર ફેંકી. એથી યુવકના કપાળમાંથી એકદમ લોહી નીકળવા માંડ્યું, અને તે બેશુદ્ધ બની જમીન પર પડ્યો ! લોકોના અંતર ઘવાયા. એમાં દયાનાં અંકુર ઊઠ્યા અને એની આસપાસ ફરી વળી શુદ્ધિમાં આણવાના ઉપચાર કરવા મંડી પડ્યા. પણ પુરોહિતની આજ્ઞા થતાં રાજના સિપાઇઓ એવી હાલતમાં એને ઊંચકી ગયા અને તુરંગમાં મૂકી આવ્યા.

દરબારમાં પ્રવેશતાં જ્યારે આ દેખાવ રાજા પદ્મનાભની નજરે ચઢ્યો અને એ સંબંધી વ્યતિકર જાણ્યો ત્યારે પુરોહિતના આ રાક્ષસી કૃત્યથી એને દુઃખ થયું; પણ શું કરવું તેની કંઇ સમજ પડી નહીં. માતાના કોપના નામે એનું હૃદય ભયભીત બની ગયું હતું. તેણે જખમી તરુણ માટે વૈદ્યને તેડાવ્યો. અંતઃપુરમાં આ ખબર પહોંચતાં જ મૃગાવતી તુરંગમાં એ કેદી પાસે દોડી ગઇ અને તેણે કેદીના ઉપચારની વ્યવસ્થા બરાબર થાય તેવી ગોઠવણ કરી.

હવે એક જ દિવસ બાકી રહ્યો. દશેરાને દિવસે તો મોટી બલિપૂજા થવાની. જેમ પુરોહિત એ દહાડે પશુ-બલિ ધરવામાં નિશ્ચયી હતો તેમ મહારાજ અમરકીર્તિ પણ પોતાના દેહનું સમર્પણ કરી એ હિંસા બંધ કરાવવાના નિશ્ચયમાં અડગ હતા. મલ્લિપુરની પ્રજામાં-યાત્રાળુના વિશાળ સમુદાયમાં-આ વિષયે ખાસ મહત્ત્વ ધારણ કર્યું હતું. ઘણાનાં દિલમાં અવનવું થવાના ભણકારા વાગી રહ્યાં હતાં. કેટલાક તો ખરેખર ગમગીન બની ગયા હતા.

નવમા દિવસની પૂજા વખતે હાજરી સવિશેષ હતી; છતાં કોઇના મોં પર પહેલાં જેવો ઉત્સાહ નહોતો. આજે કોણ આવશે ! એ ચિંતાએ સૌના અંતર ઘેર્યાં હતાં. શું થશે એ વિચારે સૌ વ્યાકુળ બન્યા હતા. આરતી કરતા અહર્નિશ થતાં ધ્વનિ તરફ તેઓનું ધ્યાન હતું. બન્યું પણ તેમજ ! એક તેજસ્વી મુખારવિંદવાળા યુવકે દરવાજામાં પ્રવેશ કરી ' અહિંસા પરમો ધર્મ: 'ની જય બોલાવી. લોકોએ ઉત્સાહપૂર્વક એ ઝીલી. તરુણે મોટા સ્વરે બોલવા માંડ્યું: ધર્મબાંધવો ! આજની રાત વીતતાં જ કાળનો છેલ્લો દિવસ ઊગશે. હજારો મૂંગા પશુઓનો સર્વનાશ થશે ! મહાન અધર્મ થશે ! હજુ વિચાર કરો તો એ ભયંકર કાર્ય અટકી શકે. આ ઘોર હિંસા કેવળ દેવીના નામ પર માંસપિપાસુ ભક્તોએ ચલાવી છે. કોઇ દિ' માતાએ સ્વમુખે બલિની માગણી કરી છે ખરી ? આચાર્ય અમરકીર્તિ આ હિંસા બંધ કરવા આજ આઠ દિવસથી ઉપવાસી છે. એ માટે મારી પહેલાં આઠ યુવકોએ પોતાના જીવન હોમી દીધા છે. એ મહાસાધુ પોતાનું જીવન હોડમાં મૂકી આ ઘોર હિંસા અટકાવવા માંગે છે. એ બંધ નહીં થાય તો પોતાના પ્રાણ અનશન કરી આપનાર છે અર્થાત્ આમરણાંત ઉપવાસ કરનાર છે. મલ્લિપુરની પ્રજા પોતાના આંગણે આ જાતનો ભયંકર બનાવ બને એમ ઇચ્છે છે ? જ્યાં દયા નથી ત્યાં ધર્મ ક્યાંથી સંભવે ? હજુ પણ સત્ય નિરખી, જીવતા પશુઓના આ વધથી હાથ ઉઠાવો ? '

એક અવાજ-આ તો ચંપાપુરીનો રાજપુત્ર મહેન્દ્રકુમાર !

એના વચનો સાંભળી લોકોના અંતરમાં અહિંસાની ધૂન ઉદ્ભવી. ' અહિંસા પરમો ધર્મ: 'ની જય બોલાવા માંડી.

માણિક્યદેવે ઘણીએ રાડો પાડી, પણ નગારખાનામાં તૂંતીના સાદ માફક એ વિલીન થઈ ગઇ ! ક્રોધાન્વિત એ મુખમાંથી બેલફેલ વદવા લાગ્યો. સ્વેચ્છાથી ગમે તેમ લવવા માંડ્યો. મંદિર બહાર જઇ સિપાઈઓને બોલાવી લાવ્યો અને રાજપુત્રને પકડાવી તુરંગમાં મોકલાવ્યો; પણ આજે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમર આત્મમંથન

( ગતાંક પૃષ્ઠ ૨૪૯ થી શરુ )

લેખક : **અમરચંદ માવજી શાહ**

૮૧. સામાયિક એટલે રાગદ્વેષરૂપ પલ્લાંઓને સમતોલ રાખવાનો સમતારૂપ-સમભાવ પ્રાપ્ત કરવારૂપ કાંટો. જોખનો કાંટો જેમ અન્યાય ને અનીતિ અટકાવે છે તેમ આ કાંટો રાગદ્વેષને અટકાવી પ્રેમરૂપ પાકો તોલ આપે છે.

૮૨. સમભાવના શબ્દમાં જ આગમનો સાર સમાઇ જાય છે. એના અસ્તિત્વથી આત્મા ઇષ્ટસિદ્ધિ સહેજે પ્રાપ્ત કરી શકે છે. અમૃત અમરત્વ અર્પે છે અને ઝેર મરણ નિપજાવે છે, તેમ સમભાવ અવશ્ય મોક્ષ અપાવે છે.

૮૩. રાગ, દ્વેષ અને અજ્ઞાન એ કર્માશ્રવના દરવાજા છે. તે આત્મરાજાનો પરાભવ કરી કર્મરૂપ બેડીમાં જકડી સંસારરૂપી જેલમાં જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ અનેક કષ્ટો આપે છે. એની ઉપર વિજય મેળવવા માટે સમભાવ એ ઢાલ છે, સંયમ એ કિલ્લો છે, તપ એ તલવાર છે.

૮૪. જગત એ એક સંસ્થા છે. આપણે તેના માનવંતા સભ્ય છીએ. આ સંસ્થામાં અનેક નાત, જાત, ધર્મ અને વિવિધ આચાર-વિચારનાં ધર્મરૂપી બિલ્લાઓ લગાડી જુદી જુદી માન્યતાઓ ધરાવતા અનેક સભ્યો હોય છે; તેમાં આપણે આપણી ફરજ સભ્યપણે સમાનતાથી વર્તી અદા કરવી જોઇએ. એમાં જો નાલાયક ઠરીએ તો આપણું સભ્યપદ અસભ્ય અને કલંકિત થાય. બીજાઓ પાછળ યાદ કરે તેવું અમર કર્ત્તવ્ય કરી અને પછી જો સભ્યપદનું રાજીનામું આપીએ તો યોગ્ય ગણાય; નહીંતર પાછળ કાળી ધજા જ ફરકવાની.

૮૫. આપણું મગજ એક રેડિયા જેવું છે. જેમ રેડિયામાં જે દેશની ચાવી ફેરવીએ તેનો અવાજ સાંભળી શકીએ તેમ આપણે જે જાતની ભાવનાની ચાવી આપીએ છીએ તે મુજબ તેનો પડઘો પડે છે; માટે શુદ્ધ અને શુભ ભાવનાઓ ભાવવાથી તેનું શુભ પરિણામ આવે છે અને અશુભ ભાવનાનું અશુભ પરિણામ આવે છે. જેવી ભાવના તેવી સિદ્ધિ.

૮૬. જેમ ગાયનું દૂધ લીધા પછી વૃક્ષની નીચે બેસી આંખો બંધ કરીને વાગોળવું અને તે દ્વારા અમૃતમય જીવન ઉપયોગી દૂધ ઉત્પન્ન થવું, તે તેનું પરિણામ છે તેમ લેખક કે કવિ મહાશયનું ' નિરીક્ષણ ' અને ' અનુભવ ' રૂપી ચારો ચરીને શાંતિમય સ્થળે શાંતિમય ચિત્તથી વિચારવું-મનન કરવું-ચિંતન કરવારૂપ વાગોળી તે દ્વારા ઉત્પન્ન થતાં કાવ્યો અને લેખો એ તેનું પરિણામ છે. જેમ ગાયના દૂધથી માણસો તૃપ્ત થાય છે તેમ આ જ્ઞાનરૂપી અમૃતથી માનવો શાંતિ અને માર્ગદર્શનરૂપ તૃપ્તિ મેળવી શકે છે. આથી જ જગતમાં ' કામધેનુ ' અને ' કવિ ' પરોપકારમૂર્ત્તિ ગણાય છે. ( ચાલુ )

---

જુદું જ પરિણામ આવ્યું. લોકોનો અસંતોષ વધી પડયો. પુનઃ પુનઃ જયઘોષણા થવા લાગી. લોકલાગણી પૂર્ણપણે અહિંસાની તરફેણમાં પલટાઇ ગઇ. આજે કયો યુવક, કેવી દશામાં આવે છે એની રાહ જોતી મૃગાવતી રાજમહેલના ઝરૂખામાં ઊભી હતી. રોજની માફક આજે પણ એક યુવકને ઊંચકી સિપાઇઓ આવતાં જોયા. એના ચહેરા તરફ મીંટ માંડી રહી. નજીક આવતાં જ એ ચહેરો ઓળખાઇ ગયો. એકદમ તેણીના શરીરે ધ્રુજારી આવી. તે એકદમ બેસી પડી અને એકાએક બોલી ઊઠી: ' આ તો કુમાર મહેન્દ્ર ! ' ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ............વર્તમાન સમાચાર............

## પંજાબના વર્તમાન

આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ રાયકોટમાં અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવી, વૈ. વ. પ્રતિપદાના સાયંકાલે વિહાર કરી, આર્યગુરુકુળમાં પધારી, સંગઠન વિષયક દેશના આપી માંગલિક સંભળાવ્યું. લાલા રામપ્રસાદજી ક્ષત્રીએ નગરનિવાસીઓ તરફથી આચાર્યશ્રીજીનો આભાર માની પુનઃ જલ્દી પધારવા વિનંતિ કરી. વિહાર કરી ભદ્દોવાલ પધાર્યા. અહીં હુશીયારપુર શ્રી સંઘના આગેવાનોએ પધારી આચાર્યશ્રીજીને હુશીયારપુર પધારવા વિનંતી કરી કે: 'સાહેબ, ગુરુમંદિર તૈયાર થયું છે. આપ પધારી પ્રતિષ્ઠા કરાવો.' આચાર્યશ્રીજીએ એઓની વિનંતીનો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ જોઇને સ્વીકાર કર્યો.

અહીંથી વિહાર કરી વૈ. વ. છઠે લુધીયાના પધાર્યા. શ્રી સંઘે ધામધૂમથી સ્વાગત કર્યું. બન્ને દેરાસરે દર્શન કરી શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રયે પધાર્યા. સ્વાગતગીતો ગવાયા બાદ આચાર્યશ્રી કેળવણી વિષયક દેશના આપી શ્રી આત્માનંદ જૈન સ્કૂલને મદદ આપવા ઈશારો કરતાં સારી રકમ ભરાઈ ગઇ.

અહીંથી વિહાર કરી ફગવાડે પધાર્યા. અહીં લાલા બાબુરામજી, રાજારામજીએ સુંદર સ્વાગત કર્યું.

અહીંથી ખુરનપુર, રોહાણા થઇ પુરહીરા પધાર્યા. આચાર્ય શ્રી વિજયવિદ્યાસૂરિજી મહારાજ, મુનિશ્રી વિચારવિજયજી મહારાજ જીરામાં ગુરુમંદિરની વૈ. વ. સાતમની પ્રતિષ્ઠા કરાવી અહીં આચાર્યશ્રીજીની સેવામાં આવી ઉપસ્થિત થયા હતા.

જેઠ શુદિ ચોથે આચાર્યશ્રીજીએ સપરિવાર હુશીયારપુરમાં પ્રવેશ કર્યો. બજારોમાં ફરીને ઉપાશ્રયે પધારતાં બાબુ અયોધ્યાપ્રસાદજી વકીલે-જેઓ આચાર્યશ્રીજીના જૂનાં ભક્ત છે-અત્યારે ૮૦ વર્ષની ઉંમર હોવા છતાં આચાર્યશ્રીજીના ગુણાનુવાદ કરી હુશીયારપુર શ્રી સંઘનો આભાર માન્યો. બાબુ અમરનાથજી નાહરે સમયોચિત ભાષણ આપ્યું, આચાર્યશ્રીજીએ મનુષ્યભવની સફળતા વિષયક દેશના આપી માંગલિક સંભળાવ્યું. બાદ સભા વિસર્જન થઇ હતી.

## જયંતી

જેઠ શુક્લાષ્ટમીએ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર (આત્મારામજી) મહારાજની જયંતી હોવાથી પ્રાતઃકાળે ઉત્સાહી નવયુવકોએ ગુરુસ્તુતિના ગાયનો લલકારતાં પ્રભાતફેરી કરી હતી.

૮॥ વાગે આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં જાહેર સભા ભરવામાં આવી હતી. હિન્દુમુસલમાન ભાઇઓની ઉપસ્થિતિ પણ સારી હતી. દર્શનકુમાર, સત્યપાલ, કવિ વ્રજલાલ, દામન આદિના ગુરુસ્તુતિના આકર્ષક ભજનો થયાં હતાં.

પંન્યાસ શ્રી સમુદ્રવિજયજી મહારાજે જયંતીનાયકના વિષયમાં ભાષણ આપતાં જણાવ્યું કે: 'આ વીસમી સદીમાં આપણા જયંતીનાયક શીલ, સત્ય, ધૈર્ય, બુદ્ધિ, જ્ઞાન, નિર્ભયતાદિ ગુણોએ કરી અજોડ જ્યોતિર્ધર-મહાપુરુષ થયેલા છે. આપ સત્યના પૂજારી-સત્યોપાસક હતા. સત્યની ખાતર જ પોતાના માબાપ આદિનો ધર્મ ત્યાગી, આ શુદ્ધ જૈનધર્મને સ્વીકારી યુરોપાદિ પાશ્ચિમાત્ય દેશોમાં પણ જૈનધર્મનો ડંકો વગાડ્યો હતો. સત્યની ખાતર સત્યમાર્ગ સ્વીકાર્યો અને જગતને દેખાડ્યો. આપે એક સ્થળે ફરમાવ્યું છે કે: "**मैं अपनी शक्ति अनुसार भव्यजीवों के आगे सत्य सत्य बात प्रगट करूंगा, जिसको रूचे वह ग्रहण करलेवे जिसको न रुचे उसकी सत्य के खातर मैं परवाह न करूंगा।**"

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં ફરમાવેલ **तं सच्चं भग-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વગેરે** આ કથાનાનુસાર આપે સત્ય ભગવાનની જ ઉપાસના કરી છે. આપની વિદ્વત્તાની ધૂમ ભારતવર્ષમાં પડી ગઇ હતી, હોરનલ સાહેબ બહાદુર જેવા અંગ્રેજ વિદ્વાનોએ પણ આપની વિદ્વત્તાની ભૂરી ભૂરી પ્રશંસા કરી છે ઇત્યાદિ વિવેચન કરતાં જન્મ, દીક્ષા, તીર્થયાત્રા, પંજાબમાં પ્રચાર, ચીકાગો સર્વ ધર્મપરિષદમાં વીરચંદ ગાંધી બાર-એટ-લૉને મોકલ્યા વગેરે વગેરે બાબતો પર સુંદર પ્રકાશ નાખ્યો હતો અને વિશેષમાં જણાવ્યું કે: જયંતીનાયક ગુરુદેવે પંજાબના સંઘ સમક્ષ ફરમાવેલ વચનનું વર્તમાન આપણા આચાર્યદેવે બરોબર પાલન કરી દેખાડયું છે ઇત્યાદિ.'

પંડિત હંસરાજજી શાસ્ત્રી, બાબુ અમરનાથજી નાહર અને માસ્ટર અમરનાથજીના સમયોચિત ભાષણો થયા હતા.

અધ્યક્ષસ્થાનેથી આચાર્ય મહારાજશ્રીએ ઉપસંહાર કરતા જયંતીનાયકમાં કેવી સત્યતા હતી એ વિષે ફરમાવતાં જણાવ્યું કે: "એક વખતે આપણા જયંતીનાયક જાલંધરમાં બિરાજમાન હતા ત્યારે આર્યસમાજના પ્રતિષ્ઠિત નેતા મહાત્મા મુન્શીરામજી મહારાજ સાહેબના દર્શનાર્થે આવ્યા અને બોલ્યા કે: 'મહારાજ સાહેબ! આપતો ક્ષત્રિય છો, વિદ્વાન પણ છો; છતાં આ મતમાં કેમ ફસાઈ ગયા?' મહારાજ સાહેબ હસતાં હસતાં બોલ્યા કે: 'હા, હું ક્ષત્રિય છું અને ક્ષત્રીધર્મને સમજું છું, તમો ક્ષત્રીધર્મને સમજતા નથી. જો સમજતા હોત તો આવી વાત કદી યે ન કરત! જૈનધર્મ ક્ષત્રીયોનો ધર્મ છે. મહાવીર ભગવાન ક્ષત્રિય હતા. જૈન ધર્મમાં બધા તીર્થંકરો ક્ષત્રિય જ હોય છે. રાજામહારાજાઓ જૈનધર્મને માનનારા હતા. તમો પ્રશ્ન કરતા જાઓ હું એના ઉત્તરો આપતો જાઉં. કદાચ તમો જૈનધર્મ કરતાં બીજા કોઇ ધર્મને શ્રેષ્ઠ બતાવી આપો તો હું તે સ્વીકારવા તૈયાર છું. મને કદાગ્રહ નથી, હું તો સત્યનો પક્ષપાતી છું; પછી તે જૈનધર્મ હોય કે બીજો કોઇ ધર્મ હોય ઇત્યાદિ વિવેચન કરતાં વિશેષમાં જણાવ્યું કે: 'આપણે જયંતીનાયકની જન્મશતાબ્દિ વડોદરે ઊજવી હવે સ્વર્ગવાસ અર્ધશતાબ્દિ નજીક આવી રહી છે યાની ૨૦૦૨ માં ઊજવવાની છે, તેના માટે અત્યારથી જ તૈયારી કરવી ઘટે. આજની જયંતીની યાદગારમાં અર્ધશતાબ્દિની શરુઆત થઇ જવી જોઇએ." બસ, આચાર્યશ્રીનો ઇશારો થતાં જ ૫૧ ૫૧ ના ટપોટપ મેમ્બરો થવા લાગ્યા હતા.

૧૧॥ વાગ્યે જયનાદોની સાથે સભા વિસર્જન થઇ હતી.

મળેલ જનતાનો સત્કાર કરવા સાથે ગરીબોને જમાડવામાં આવ્યા હતા. બપોરે પૂજા અને પ્રભાવના થઇ હતી.

જેઠ સુદિ દશમીએ આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં નાંદ મંડાવી જુદા જુદા વ્રતોચ્ચારણ કરવામાં આવ્યા હતા.

જેઠ શુદિ તેરસે ગુરુમંદિરમાં ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરિજી (આત્મારામજી) મહારાજની ચરણપાદુકા ધામધૂમથી પધરાવવામાં આવી અને એઓશ્રીજીના પટ્ટપ્રભાવક આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે વાસક્ષેપ કર્યો હતો.

## જંડીઆલાગુરુ

અમૃતસર, રાયકોટ, લુધીઆના, અંબાલા, હુશીયારપુર આદિ શહેરોના શ્રી સંઘોની આગ્રહભરી વિનંતીઓ હોવા છતાં અમારા પ્રબળ પુણ્યોદય-સદ્ભાગ્યથી અમારા શ્રી સંઘ જંડીયાલાગુરુની વિનંતીને સ્વીકારી પંજાબની આવી સખ્ત ગરમી પડતી હોવા છતાં ઉગ્ર વિહાર કરતા, આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાની શિષ્ય-પ્રશિષ્યાદિ મુનિમંડળી સહિત હુશીયારપુરથી જેઠ સુદિ પુનમે વિહાર કરી પીપલાવાલી, આદમપુર, નસરાલા, જાલંધર, વિધિપુર-કરતારપુર, દયાલપુર, અંબોવાલ, બ્યાસા, રૈયા, ખલચીયાં આદિ ગ્રામનગરોને પાવન કરતાં આષાઢ શુદિ બીજે ધામધૂમ-સમારોહની સાથે જંડીયાલાગુરુ પધાર્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી સંઘે અજબ ઉત્સાહ અને અપૂર્વ સત્કાર કરી નગરપ્રવેશ કરાવ્યો. અમૃતસરનું શીખ બેન્ડ અને ભજન મંડલીઓ વગેરે ઉપસ્થિત જનતાના મનને આહ્‌લાદિત કરતા હતા. જુલૂસમાં અધિકારી-વર્ગ અને સરદાર હીરાસિંહજી આદિ હિન્દુ, મુસલમાન, શીખ, ઇસાઇ વગેરે સર્વેએ સમ્મીલિત થઇ પોતાની ગુરુભક્તિ પ્રદર્શિત કરી હતી. કેસરાઓએ પોતાનું બજાર બંધ રાખી ભાગ લીધો હતો.

જુલૂસની સાથે બજારોમાં થઈ મંદિરમાં દર્શન કરી શ્રી આત્મવલ્લભ જૈન ઉપાશ્રયે પધાર્યા જે વખતે શ્રી સંઘ જંડીયાલાગુરુ અને શ્રી આત્માનંદ જૈન સ્કૂલના તરફથી આચાર્યશ્રીજીને અભિનંદન પત્ર અર્પણ થયા હતા.

આચાર્યશ્રીજીએ દેવગુરુની ભક્તિ કરવાથી શો લાભ થાય છે એ વિષયમાં અસરકારક દેશના આપી માંગલિક સંભળાવ્યું. જયનાદોની સાથે બાર વાગે સભા વિસર્જન થઈ.

અહીં( જંડીયાલાગુરુ )નો અતિ વિશાળ ઉપાશ્રય છે અને આ શુભ પ્રસંગનો લાભ લેવા અમૃતસર, પટ્ટી, લાહોર, ગુજરાંવાલા, જલેહમ, શિઆલકોટ, નારોવાલ, હુશીયારપુર, જાલંધર, અંબાલા આદિના સદ્‌ગૃહસ્થો પધાર્યા હતા.

દરરોજ આચાર્યશ્રીજી ભિન્ન ભિન્ન વિષયો પર અસરકારક વ્યાખ્યાનો આપે છે. જેનો લાભ નગર-નિવાસીઓ સારા પ્રમાણમાં લઇ રહેલ છે.

સં. ૧૯૫૦ માં સ્વર્ગીય ગુરુદેવ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર ( આત્મારામજી ) મહારાજની સાથે આચાર્યશ્રીજીએ ચોમાસું કર્યું હતું. ત્યાર બાદ ઓગણપચાસ વર્ષે પોતાના આંગણે આચાર્યશ્રીજી ચોમાસું કરતા હોવાથી શ્રી સંઘમાં અને નગરનિવાસીઓમાં અપૂર્વ ઉત્સાહ ફેલાયો છે.

## જયંતી ( મુંબઇ )

ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનો જયંતીમહોત્સવ ઊજવવા જેઠ શુદિ ૮ સવારે જૈનોની એક જાહેર સભા મુંબઇ શ્રી આત્માનંદ જૈન સભા તથા શ્રી સ્વયંસેવક મંડળના આશરા હેઠળ, મુંબઇ શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયે રાવસાહેબ શેઠશ્રી કાંતિલાલભાઇ ઇશ્વરલાલ જે. પી.ના પ્રમુખસ્થાને મળી હતી; જેમાં જુદા જુદા વક્તાઓના પ્રસંગોચિત વિવેચનો થયા બાદ સભા વિસર્જન થઇ હતી.

## ઇનામનો મેળાવડો

અત્રેની શ્રી ઉજમબાઈ જૈન કન્યાશાળાની બાળાઓને મુંબઇ શ્રી ઍજ્યુકેશન બૉર્ડ તરફથી આવેલ ઈનામ તથા હાલમાં મ્હેસાણાવાળા પરીક્ષક શ્રીયુત વાડીલાલભાઇ મગનલાલે પરીક્ષા લીધેલ હોવાથી ઉત્તેજનાર્થે ઇનામ આપવાનો મેળાવડો તા. ૩-૭-૪૩ ના રોજ ઉપરોક્ત કન્યાશાળાવાળા મકાનમાં યોજવામાં આવ્યો હતો. શ્રી વાડીલાલભાઇ, શ્રીયુત કુંવરજીભાઈ તથા કવિશ્રી રેવાશંકરભાઇના પ્રસંગોચિત નિવેદન બાદ કમિટીના પ્રમુખ શેઠ કુંવરજીભાઇ આણંદજીના હસ્તે બાળાઓને ઇનામ વહેંચવામાં આવ્યું હતું. બાદ આભારસહ સર્વ વિસર્જન થયા હતા.

## શ્રી વર્ધમાન તપ આયંબીલ કરાવતી સંસ્થાઓના કાર્યવાહકોને

આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના શિષ્ય-રત્ન પં. શ્રી ચંદ્રસાગરજી મહારાજના સદુપદેશથી અમદાવાદ શ્રી નાગજી ભુદરની પોળના ઉપાશ્રયે શેઠ ગિરધરલાલ છોટાલાલના હસ્તે ' શ્રી વર્ધમાન તપ આયંબીલ સહાયક સમિતિની ' સ્થાપના કરવામાં આવી છે. ઉપરોકત સમિતિએ ઘણા ગામોના આયંબીલ ખાતાનો હિસાબ તપાસી તે ખાતાને મદદ આપવા જાહેર કરેલ છે. જે જે ગામોના આયંબીલ ખાતાને આજની વધુ પડતી મોંઘવારીને લઇને ખાતું ચલાવવું મુસ્કેલ પડતું હોય તે તે ગામોએ પૂરતી મદદ માટે યોગ્ય માહિતી સાથે પત્ર-વ્યવહાર કરવાથી યોગ્ય મદદ મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ

[ પુસ્તક ૪૦ મું ]

[ સં. ૧૯૯૮ ના શ્રાવણથી સં. ૧૯૯૯ ના અષાઢ સુધીની ]

## વાર્ષિક વિષયાનુક્રમણિકા


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પ્રભુસ્તુતિ ( શ્લોક ) | | ૧ |
| ૨. | ' આત્માનંદ પ્રકાશ 'ને નૂતન વર્ષનો સંદેશ | ( પં. શ્રી ધર્મવિજયજી મહારાજ ) | ૨ |
| ૩. | નૂતન વર્ષનું મંગલમય વિધાન | ( સભા ) | ૩ |
| ૪. | નૂતન વર્ષાભિનંદન ( કાવ્ય ) | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૮ |
| ૫. | વિવેકના પંથે | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૯ |
| ૬. | અંતરઝરણુ યાને તત્પરતા ( કાવ્ય ) | ( બાબુભાઇ મ. શાહ ) | ૧૧ |
| ૭. | નવતત્ત્વ પ્રકરણ ( પદ્યમય અનુવાદ સહિત ) | ( મુનિ શ્રી દક્ષવિજયજી મહારાજ ) | ૧૨, ૪૨, ૬૯, ૧૧૦, ૧૩૦ |
| ૮. | રાગદ્વેષનો તાત્ત્વિક વિચાર | ( સંપા. મુનિ પુણ્યવિજયજી : સંવિગ્નપાક્ષિક ) | ૧૪ |
| ૯. | શ્રી જૈનાગમ નિયમાવલી | ( આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ ) | ૧૬, ૫૧, ૭૨, ૧૦૨, ૧૧૬, ૧૮૬ |
| ૧૦. | સામાન્ય જિનસ્તવન | ( મુનિરાજશ્રી દક્ષવિજયજી મહારાજ ) | ૧૮ |
| ૧૧. | જીવન–સાફલ્ય | ( મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧૯ |
| ૧૨. | અહિંસાની અદ્ભુત શક્તિ | ( શ્રી. મોહનલાલ દી. ચોકસી ) | ૨૦, ૪૮, ૯૪, ૧૨૩, ૧૬૪, ૨૦૯, ૨૪૯, ૨૭૦ |
| ૧૩. | ચાતુર્માસિક કર્ત્તવ્ય | ( મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ ) | ૨૩ |
| ૧૪. | ' ધર્મવીર ઉપાધ્યાય ' માટે અભિપ્રાય | | ૨૬, ૪૭ |
| ૧૫. | પ્રાતઃસ્મરણીય પ્રવર્ત્તક શ્રી કાંતિવિજયજી મહારાજની સ્વર્ગવાસ નોંધ | | ૨૭ |
| ૧૬. | સ્મરણાંજલિ ( કાવ્ય ) | | ૨૭ |
| ૧૭. | વર્તમાન સમાચાર | | ૩૦, ૫૫, ૭૭, ૧૦૪, ૧૨૭, ૧૫૦, ૧૭૧, ૧૯૨, ૨૧૫, ૨૩૬, ૨૫૫, ૨૭૪ |
| ૧૮. | સ્વીકાર સમાલોચના | | ૩૨, ૫૪, ૭૮, ૨૧૪, ૨૩૪ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧૯. | જિનસ્તવન | ( સુયશ ) | ૩૩ |
| ૨૦. | બંધન ( કાવ્ય ) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૩૪ |
| ૨૧. | શ્રી વીર જિનસ્તવન | ( મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ ) | ૩૫ |
| ૨૨. | સાચું જીવન | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૩૬ |
| ૨૩. | પરિશુદ્ધ-અપરિશુદ્ધ નયવાદ અને સર્વ નયાશ્રિતની મધ્યસ્થતા | ( મુનિશ્રી પુણ્યવિજયજી : સંવિગ્નપાક્ષિક ) | ૩૮ |
| ૨૪. | પર્યુષણ પર્વ-મહોત્સવ ( કાવ્ય ) | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૪૧ |
| ૨૫. | અમર આત્મમંથન | ( શ્રી. અમરચંદ માવજી શાહ ) | ૪૬, ૭૪, ૧૨૬, ૧૪૮, ૨૩૨, ૨૪૭, ૨૭૩ |
| ૨૬. | રત્નાન્યોક્તિ | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૫૩ |
| ૨૭. | સામાન્ય જિનસ્તવન | ( મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ ) | ૫૭ |
| ૨૮. | સુવર્ણાન્યોક્તિ | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૫૮ |
| ૨૯. | દિવાળી સ્તવન | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૬૦ |
| ૩૦. | 'સાચી સ્વાધીનતામાં જ સુખ છે' | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૬૧ |
| ૩૧. | પ્રભુ મહાવીર ( કાવ્ય ) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૬૪ |
| ૩૨. | શ્રી સિદ્ધસ્તોત્ર | ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) | ૬૫, ૯૮, ૧૩૮, ૧૬૦, ૨૦૬, ૨૨૬, ૨૪૫, ૨૬૭ |
| ૩૩. | સમ્યક્શ્રદ્ધા રહિત જ્ઞાનની નિરર્થકતા | ( મુનિશ્રી પુણ્યવિજયજી : સંવિગ્નપાક્ષિક ) | ૭૦ |
| ૩૪. | જીવનની સાર્થકતા અને હીરવિજયસૂરિજી | ( સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૭૬ |
| ૩૫. | જિનસ્તવન | ( સુયશ ) | ૮૧ |
| ૩૬. | નૂતન વર્ષાભિનંદન ( કાવ્ય ) | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૮૨ |
| ૩૭. | મંગલ સુપ્રભાત ( અપદ્યાગદ્ય ) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૮૩ |
| ૩૮. | કર્મમીમાંસા | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૮૫ |
| ૩૯. | પરમાર્થસૂચક વસ્તુવિચાર સંગ્રહ | ( સંગ્રા. મુનિશ્રી પુણ્યવિજયજી : સંવિગ્નપાક્ષિક ) | ૮૮ |
| ૪૦. | જ્ઞાન વિના શ્રદ્ધાની અસાર્થકતા | ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) | ૯૧ |
| ૪૧. | કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય સૂરિવરને ! ( કાવ્ય ) | (મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ) | ૯૭ |
| ૪૨. | પ્રાતઃસ્મરણીય ૧૦૦૮ આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વર સ્તુતિ (કાવ્ય) | ( શ્રી ઝવેરચંદ છગનલાલ ) | ૧૦૧ |
| ૪૩. | શુદ્ધ ધર્મની પ્રાપ્તિ કેવી રીતે થાય ? | | ૧૦૩ |
| ૪૪. | ઉપદેશ કાવ્ય | ( સુયશ ) | ૧૦૫ |
| ૪૫. | જીવન આરસી ( કાવ્ય ) | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૧૦૬ |
| ૪૬. | મેળવો, કમાશો નહીં | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૦૮ |
| ૪૭. | જ્ઞાન વિના શ્રદ્ધાની અસાર્થકતા (એ લેખનો કાંઇક ખુલાસો) | (મુનિ પુણ્યવિજય : સંવિગ્નપાક્ષિક) | ૧૧૩ |
| ૪૮. | શ્રીમત્ પ્રવર્તક કાંતિવિજય મહારાજને પ્રેમાંજલિ (કાવ્ય) | (મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ) | ૧૧૭ |
| ૪૯. | વૈરાગ્ય ભાવનાનાં વહેતાં ઝરણાં | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧૧૮, ૧૭૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૫૦. | હેમચંદ્ર ( કાવ્ય ) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧૧૯ |
| ૫૧. | સ્વધર્મ | ( વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ-સાદરા ) | ૧૨૦, ૧૪૪ |
| ૫૨. | શ્રી સામાન્ય જિનસ્તવન | ( મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ ) | ૧૨૯ |
| ૫૩. | દુઃખી જગત | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૩૪ |
| ૫૪. | એકાદશ અધ્યાત્મ ગુણશ્રેણિ | ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) | ૧૪૧ |
| ૫૫. | ગુરુદેવદર્શન ( કાવ્ય ) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧૪૩ |
| ૫૬. | શાંતિ ( કાવ્ય ) | ( શ્રી અમરચંદ માવજી શાહ ) | ૧૪૭ |
| ૫૭. | ' જૈન 'પત્રના તંત્રી અને ભાવનગરના શહેરી શેઠ દેવચંદભાઈ દામજીનો સ્વર્ગવાસ | | ૧૪૯ |
| ૫૮. | શ્રી સામાન્ય જિનસ્તવન | ( મુનિશ્રી યશોભદ્રવિજયજી મહારાજ ) | ૧૫૩ |
| ૫૯. | શેષાન્યોક્તિ | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૧૫૪ |
| ૬૦. | નગદ ધર્મ | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૫૫ |
| ૬૧. | સમ્યક્ત્વ પ્રાપ્તિનું મૂળ કારણ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ નહિ, પણ દર્શનમોહનો નિરાસ | ( સંયો. મુનિશ્રી પુણ્યવિજયજી : સંવિગ્નપાક્ષિક ) | ૧૫૮ |
| ૬૨. | વિસનગર મંડન શ્રી શાંતિનાથ સ્તવન | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧૫૯ |
| ૬૩. | સમ્યગ્દૃષ્ટિ | ( પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ-મ્હેસાણા ) | ૧૬૨ |
| ૬૪. | અગુરુલઘુપર્યાય | ( શ્રી. જીવરાજભાઈ ઓધવજી દોશી ) | ૧૬૭, ૨૩૦ |
| ૬૫. | ભાવ ( કાવ્ય ) | ( અમરચંદ માવજી શાહ ) | ૧૬૯ |
| ૬૬. | પ્રભુધ્યાન ( કાવ્ય ) | ( સુયશ ) | ૧૭૩ |
| ૬૭. | હૃદય ભાવના ( કાવ્ય ) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧૭૪ |
| ૬૮. | મિથ્યાભિમાન | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૭૬ |
| ૬૯. | વીતરાગદેવની આરાધના | ( વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ-સાદરા ) | ૧૮૧ |
| ૭૦. | મુક્તિ ( કાવ્ય ) | ( શ્રી અમરચંદ માવજી શાહ ) | ૧૮૫ |
| ૭૧. | સમ્યગ્જ્ઞાનની કુંચીઃ યોગની અદ્ભુત શક્તિ | (મૂ. લે. બાબુ ચંપતરાયજી જૈની બાર-ઍટ-લૉ) | ૧૮૮, ૨૧૨ |
| ૭૨. | ઔપદેશિક પદ | ( મુનિશ્રી યશોભદ્રવિજયજી મહારાજ ) | ૧૯૭ |
| ૭૩. | ઓ માનવી ! આ સમયમાં શુભ કામ કૈં કરતો જજે ( કાવ્ય ) | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૧૯૮ |
| ૭૪. | ભગવાન મહાવીર ( કાવ્ય ) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧૯૯ |
| ૭૫. | સમ્યક્ત્વ મીમાંસા | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૦૦, ૨૧૯ |
| ૭૬. | પરમાર્થસૂચક વાક્યસંગ્રહ | ( સંગ્રા. ને યોજકઃ મુનિશ્રી પુણ્યવિજયજી : સંવિગ્નપાક્ષિક ) | ૨૦૪, ૨૨૪, ૨૪૩, ૨૬૫ |
| ૭૭. | સુસ્વાગતમ્ ( કાવ્ય ) | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨૧૩ |
| ૭૮. | શ્રી સામાન્ય જિનસ્તવન | ( મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ ) | ૨૧૭ |
| ૭૯. | ઉરવીણા ( કાવ્ય ) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૨૧૮ |
| ૮૦. | ભગવાન મહાવીરનો સંદેશ ( કાવ્ય ) | ( ઉ. શ્રી સિદ્ધિમુનિજી ) | ૨૨૯ |
| ૮૧. | ભેકાન્યોક્તિ | ( કવિ શ્રી રેવાશંકર વાલજી બધેકા ) | ૨૩૭ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૮૨. | સત્યસ્વરૂપ ( કાવ્ય ) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૨૩૮ |
| ૮૩. | માનની મહત્તા | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૩૯ |
| ૮૪. | દષ્ટિવાદના ભેદરૂપ પૂર્વોનો ટૂંક પરિચય | ( આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ ) | ૨૫૨ |
| ૮૫. | શ્રી સામાન્ય જિનસ્તવન | ( મુનિ દક્ષવિજયજી મહારાજ ) | ૨૫૭ |
| ૮૬. | ‘ છે ચાર દિનની ચાંદની ’ ( કાવ્ય ) | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨૫૮ |
| ૮૭. | સત્યાસત્ય વિવેક | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૫૯ |
| ૮૮. | પૂજ્ય ગુરુદેવને ! ( કાવ્ય ) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૨૬૪ |
| ૮૯. | સ્વસ્થ-અવસ્થતાનું સુખ | | ૨૬૬ |
| ૯૦. | અનંતધર્માત્મકમ્ વસ્તુ | ( રા. જીવરાજભાઈ ઓધવજી દોશી ) | ૨૬૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન ટાઈટલ પેજ ૨ થી ચાલુ )

**૪. સકલાર્હત્ સ્તોત્ર ( મૂળ )**—શ્રી કનકકુશળગણિની ટીકા સાથે. સંશોધનકર્ત્તા પ્રાચીન સાહિત્યસંશોધક સાક્ષરવર્ય શ્રીમાન પુણ્યવિજયજી મહારાજે તદ્દન શુદ્ધ કરીને પ્રકટ કરવામાં આવેલ છે. અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી છે. શાસ્ત્રી સુંદર ટાઇપમાં મુદ્રિત થયેલ છે.

**૫. શ્રી આગમસારિણી ગ્રંથ**—અનેક તત્ત્વજ્ઞાનની જાણવા જેવી હકીકતોથી ભરપૂર ફોર્મ ૮, પાના ૧૩૨.

**૬. સિદ્ધાંતરહસ્ય**—તત્ત્વજ્ઞાન, દ્વારો વગરે અનેક જાણવા જેવી હકીકતોથી ભરપૂર પાકા બાઇન્ડીંગનો દળદાર ગ્રંથ. પાના ૨૪૦.

આવા સખ્ત મોંઘવારીના વખતે પણ આવા છ મોટા સુંદર ગ્રંથો, મોટો ખર્ચ કરી, પ્રકટ કરી, અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ આપવાનું સભાએ સાહસ કર્યું છે. વ્યાપારીદષ્ટિએ આ સભાનો વહીવટ થતો ન હોવાથી, ઊંચામાં ઊંચી કક્ષાના વિવિધ સાહિત્યનાં અનેક ગ્રંથો પ્રકાશન કરવાનો અને આર્થિક દષ્ટિએ પણ અમારા ઉપરોક્ત સભાસદોને સારામાં સારા ભેટના ગ્રંથોનો દર વખતે વિશેષ વિશેષ લાભ કેમ મળે, એ હેતુ ધ્યાનમાં રાખેલ હોવાથી તેમજ આ સભાના લાઇફ મેમ્બરોને એક સુંદર ગૃહલાઈબ્રેરી કેમ થાય તે વિચારથી ગમે તેવા પ્રસંગોએ પણ અનેક ગ્રંથોની ભેટોનો લાભ આપવામાં આવે છે. આ સભા પોતાના સભાસદોને ગ્રંથોનો જે મોટો લાભ આપે છે, તે અમારા સભ્યો જાણે છે તેમજ તેવી બીજી કોઇ સંસ્થા તેવો લાભ આપી શકતી ન હોવાથી આ સભામાં દિવસાનુદિવસ નવા સભાસદોની સંખ્યા વધતી જાય છે.

**અમારા માનવંતા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને ઉપરના છ ગ્રંથો ચાલુ માસની આખરમાં ધારા પ્રમાણે પોસ્ટેજ ખર્ચ સાથેનું વી. પી. કરી ભેટ મોકલવામાં આવશે, જે સ્વીકારી લેવા નમ્ર વિનંતી છે.**

**'શ્રી આત્માનંદ ગ્રંથરત્નમાળા' તરફથી નવા છપાતા અને છપાવવાના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથો.**

**१ श्री कथारत्नकोश : श्री देवभद्रगणिकृत. ( मूल )**

**२ श्री प्राकृत व्याकरण ढुंढिका.**

**३ श्री त्रिषष्टिश्लाका पुरुष चरित्र ( बीजुं, त्रीजुं, चोथुं पर्व. )**

---

'શ્રી મહાવીર ( પ્રભુ ) ચરિત્ર.'

૫૨૦ પાના, સુંદર ગુજરાતી અક્ષરો, ઊંચા કાગળો, સુંદર ફોટાઓ અને સુશોભિત કપડાનાં મનરંજન બાઈન્ડીંગથી અલંકૃત કરેલ ગ્રંથ આ સભા તરફથી પ્રગટ થયેલ છે. આ ગ્રંથમાં પ્રભુના સત્તાવીશ ભવનું વિસ્તારપૂર્વક વર્ણન, ચોમાસાનાં સ્થળો સાથેનું લંબાણથી વિવેચન, કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પૂર્વેના ત્રીશ વર્ષ પૂર્વેનું વિહારવર્ણન, સાડાબાર વર્ષ કરેલા તપનું વિસ્તારપૂર્વક વિવેચન, થયેલા ઉપસર્ગોનું ઘણું જ વિસ્તારપૂર્વક વિવેચન જેટલું આ ગ્રંથમાં આવેલું છે તેટલું કોઈના છપાવેલા બીજા ગ્રંથોમાં આવેલ નથી; કારણ કે કર્ત્તા મહાપુરુષે કલ્પસૂત્ર, આગમો, ત્રિષષ્ઠિ વગેરે અનેક ગ્રંથોમાંથી દોહન કરી આ ચરિત્ર આટલું સુંદર રચનાપૂર્વક લંબાણથી લખ્યું છે. બીજા ગમે તેટલા લઘુ ગ્રંથો વાંચવાથી શ્રી મહાવીરજીવનનો સંપૂર્ણ ખ્યાલ આવી શકે નહિ, જેથી આ ગ્રંથ મંગાવવા અમો ખાસ ભલામણ કરીએ છીએ. આવા સુંદર અને વિસ્તારપૂર્વક ગ્રંથની અનેક નકલો ખપી ગઇ છે. હવે જૂજ બુકો સિલિકે છે. આવા ઉત્તમ, વિસ્તારપૂર્વકના વર્ણન સાથેના ગ્રંથ મોટો ખર્ચ કરી ફરી ફરી છપાવાતા નથી; જેથી આ લાભ ખાસ લેવા જેવો છે. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ અલગ. લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

# શ્રી વાસુપૂજ્ય ( પ્રભુ ) ચરિત્ર.

**( શ્રી વર્ધમાનસૂરિકૃત. )**

૫૪૭૪ શ્લોકપ્રમાણુ, મૂળ સંસ્કૃત ભાષા અને સુંદર શૈલીમાં વિસ્તારપૂર્વક \ જુદા જુદા આગમો તથા પૂર્વાચાર્યોકૃત અનેક ગ્રંથોમાંથી દોહન કરી **શ્રીમાન વર્ધમાનસૂરિજીએ સં. ૧૨૯૯** ની સાલમાં લખેલો આ અપૂર્વ ગ્રંથ છે. રચનાર મહાત્માની કવિત્વશક્તિ અદ્દભુત છે, તે તેમાં આવેલ સર્વ પ્રકારના રસોની પરિપૂર્ણતા જ બતાવી આપે છે. તેનું આ સાદું, સરલ અને સુંદર ભાષાંતર છે. ઊંચા એન્ટિક કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોમાં છપાવેલ છે.

આ ગ્રંથમાં પ્રભુના ત્રણ ભવો, પાંચ કલ્યાણકો અને ઉપદેશક જાણવા યોગ્ય મનનીય સુંદર બોધપાઠો, તત્ત્વજ્ઞાન, તપ વગેરે સંબંધીની વિસ્તૃત હકીકતોના વર્ણનો સાથે પુણ્ય ઉપર પુણ્યાઢ્ય ચરિત્ર, રાત્રિભોજન ત્યાગ અને આદર, બારવ્રત, રોહિણી આદિની અનેક સુંદર, રોચક, રસપ્રદ, આહ્લાદક કથાઓ આપેલી છે કે જેમાંની એક કથા પૂરી થતાં બીજી વાંચવા મન લલચાય છે અને પૂરી કરવા ઉત્સુકતા થાય છે. તે તમામ કથાઓ ઉપર ગ્રાહ્ય અને સુંદર ઉપદેશ પણ સાથે આપેલ છે. પ્રભુના ત્રણ ભવોના–જીવનના નહિ પ્રગટ થયેલ જાણવા જેવાં અનેક પ્રસંગો અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રભુએ સ્થળે સ્થળે વિચરી આપેલ વિવિધ વિષયો ઉપર આદરણીય દેશનાઓ એ તમામ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પ્રભુના વિવિધ રંગની સુંદર છબીઓ પણ આપવામાં આવેલ છે. ફોર્મ ૩૫, પૃષ્ઠ સંખ્યા ૨૪૦.

એકંદરે આ ચરિત્ર પહેલેથી છેલ્લે સુધી મનનપૂર્વક વાંચવા જેવું અને પઠનપાઠનમાં નિરંતર ઉપયોગ કરવા યોગ્ય છે, જેને માટે વિશેષ લખવા કરતાં અનુભવ કરવા જેવું છે.

**કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું.**

( આ ગ્રંથ માટે મુનિમહારાજાઓ વગેરેના જે સુંદર અભિપ્રાયો મળે છે તેની નોંધ માસિકમાં આપવામાં આવે છે. )

## કર્મગ્રંથ ભાગ ૧–૨ સંપૂર્ણ.

**પ્રથમ ભાગ સિલિકે નથી; બીજા ભાગની ઘણી જ થોડી નકલો સિલિકે રહી છે.**

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત–પ્રથમ ભાગ રૂા. ૨–૦–૦ ( સિલિકે નથી )**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪–૦–૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વત્તાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોશ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મ વિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટિક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. ( ફક્ત બીજો ભાગ સિલિકે હોવાથી ) બીજા ભાગની કિંમત રૂા. ૪–૦–૦ પોસ્ટેજ જુદું.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

( શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું—ભાવનગર. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only